વાંચી શકાય તેમજ સાંભળી શકાય તેવું પ્રથમ નવીન ગુજરાતી મેગેઝીન : "ઉમિયા જ્યોત"

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા સંચાલિત

ઉમિયા જ્યોત

PUBLISHER : PATEL MUKESHKUMAR AMRUTLAL : UMIYA JYOT (Gujarati Monthly) : EDITOR - AMRUT PATEL

Vol.15 • Issue No. 07 • 15th July, 2026, Wednesday • Pages 40 • Retail Price ₹ 45





ઉમિયા જ્યોત



અંકના સૌજન્ય દાતાશ્રી

સ્વ. જમનાદાસ જોઈતારામ પટેલ અને સ્વ. સીતાબા જમનાદાસ પટેલની

પાવન સ્મૃતિમાં





હસ્તે **શ્રી બાબુભાઈ જે. પટેલ** (બી.જે.પી.)
(ધારાસભ્યશ્રી દસક્રોઈ તથા પ્રમુખશ્રી- શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા)
જમનાદાસ હાઉસ, ઈસ્કોન-આંબલી રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૫૮.


Sumiran®
WOMEN'S HOSPITAL
માતા પિતા બનવાના
સફરની શરૂઆત કરો
અમારી સાથે
અત્યાધુનિક સુવિધા | નવીનતમ
તકનીકી અને અનુભવી ડોક્ટરોની ટીમ
IVF અને
એન્ડોમેટ્રિઓસિસ
સર્જરી માટે શ્રેષ્ઠ સેન્ટર
26
વર્ષનો અનુભવ
22,000+
IVF દર્દીઓની સારવાર
32,500+
લેપ્રોસ્કોપિક સર્જરી
શું તમે IVF હોસ્પિટલની શોધમાં છો?
તો આજે જ સુમિરન હોસ્પિટલ સાથે જોડાવો
ડૉ. મેહુલ સુખડિયા
ગુજરાતના આરોગ્ય મંત્રી દ્વારા સૌથી પ્રતિષ્ઠિત
IVF નિષ્ણાત એવોર્ડ 2023 માટે સન્માનિત
આજે જ તમારી એપોઇન્ટમેન્ટ બુક કરો:
+91 76220 00421
+91 76220 0042125
508, એ. શ્રીરામ એથન્સ, જઢેશ્વરી કી
રાણી પાસે, શિવરાંજની,
અમદાવાદ – 380015
વિપુલ દુધિયાની સામે, સ્ટેડિયમ ફાઇવ રોડ,
નવરંગપુરા, અમદાવાદ – 380009

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા સંચાલિત
ઉમિયા જ્યોત



શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ
- પ્રમુખશ્રી, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

લવાજમ

છુટક નકલ રૂા. ૪૫/-
દેશમાં વાર્ષિક રૂા. ૫૦૦/- ● ૫ વર્ષના રૂા. ૨૦૦૦/-
દેશમાં ૧૦ વર્ષ માટે રૂા. ૩૦૦૦/-
પરદેશમાં વાર્ષિક ડૉલર ૭૫ ● ૫ વર્ષ ડૉલર ૩૦૦
પરદેશમાં ૧૦ વર્ષ માટે ડૉલર ૫૦૦

પ્રકાશક - મુદ્રક

શ્રી મુકેશકુમાર અમૃતલાલ પટેલ
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઉમિયા જ્યોત વતી ડિજીટલ વેબ, એફ.પી ૩૬/૨, ઉમિયા કેમ્પસ સામે, એસ.જી.હાઈવે, ગોતા, અમદાવાદ ખાતે છપાવી ઉમિયા કેમ્પસ, સોલા, અમદાવાદ ખાતેથી પ્રસિધ્ધ કર્યું.

ઉમિયા જ્યોત દર મહિનાની
૧૫મી તારીખે પ્રસિધ્ધ થાય છે, ૧૮મી તારીખે પોસ્ટ થાય છે.
આ માસિકમાં પ્રસિધ્ધ થતા લેખો અને વિચારો
સાથે તંત્રી સહમત છે તેમ માનવું નહિ.

લવાજમ-લેખો-પત્ર વ્યવહાર માટે

'ઉમિયા જ્યોત' કાર્યાલય
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
ઉમિયા કેમ્પસ, ભાગવત વિદ્યાપીઠ પાસે,
એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦
ફોન : ૦૭૯-૨૭૬૬ ૧૨૦૪, ૬૩૫૪૫૩૬૪૩૬
સવારે ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી (રજાના દિવસ સિવાય)
E-mail : editorumiyajyot@gmail.com

અનુક્રમણિકા

umiyamatajiunjha umiyamataunjha



ઉમિયા જ્યોતના તંત્રીસ્થાનેથી

ડૉ. અમૃત પટેલ

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

આધ્યાત્મ અને જીવનમૂલ્યો : સુખી જીવનનો સાચો માર્ગ

આજના સમયમાં વિજ્ઞાન, ટૅક્નૉલૉજી અને ભૌતિક સુખ-સગવડોમાં માનવજાતે અદ્ભુત પ્રગતિ કરી છે. વિશ્વ હવે હાથની હથેળીમાં સમાઈ ગયું છે. પરંતુ આ પ્રગતિની વચ્ચે એક પ્રશ્ન વારંવાર ઊભો થાય છે – શું માણસ ખરેખર સુખી થયો છે ભૌતિક સુવિધાઓ વધવા છતાં મનમાં અશાંતિ, સંબંધોમાં અંતર અને જીવનમાં અસંતોષ કેમ વધતો જાય છે? આ પ્રશ્નનો જવાબ આપણને આધ્યાત્મ અને જીવનમૂલ્યો તરફ દોરી જાય છે.

ઘણીવાર આધ્યાત્મનો અર્થ માત્ર પૂજા-પાઠ, મંદિરમાં જવું કે ધાર્મિક વિધિઓ કરવી એવો કરવામાં આવે છે. પરંતુ આધ્યાત્મનો સાચો અર્થ છે - પોતાના અંતરમનને ઓળખવું, જીવનના સાચા હેતુને સમજવો અને પોતાના વર્તનમાં સદ્ગુણોને સ્થાન આપવું. આધ્યાત્મ માણસને બહાર નહીં, પરંતુ અંદર તરફ જોવાનું શીખવે છે.

જીવનમૂલ્યો એ માનવજીવનની સાચી મૂડી છે. સત્ય, પ્રામાણિકતા, કરુણા, સેવા, સહકાર, સંયમ અને કૃતજ્ઞતા જેવા ગુણો જીવનને અર્થપૂર્ણ બનાવે છે. સંપત્તિ અને સત્તા માણસને મોટો, બનાવી શકે, પરંતુ જીવનમૂલ્યો જ તેને મહાન બનાવે છે. મૂલ્યો વગરનું જીવન દિશા વગરની નાવ જેવું છે.

કડવા પાટીદાર સમાજનો ઈતિહાસ જોઈએ તો તેમાં આધ્યાત્મ અને જીવનમૂલ્યોનો સુંદર સમન્વય જોવા મળે છે. મહેનત, પ્રામાણિકતા, સાદગી અને પરોપકાર આ સમાજની ઓળખ રહી છે. ખેડૂત સવારે ખેતરમાં જતાં પહેલાં ઈશ્વરનું સ્મરણ કરતો, હળથી ખેડ કરી ધરતીમાં બીજને વાવતાં જય ગણપતિ બાપા કહીને વાવતાં, મુશ્કેલીના સમયમાં ઉમિયા માતાજી પ્રત્યે શ્રદ્ધા રાખતો અને મહેનતના બળે જીવનનો માર્ગ શોધતો. આ શ્રદ્ધા માત્ર ધાર્મિક નહોતી, પરંતુ આંતરિક શક્તિ અને આત્મવિશ્વાસનો આધાર હતી.

એક સમય હતો જ્યારે સંયુક્ત પરિવારોમાં બાળકોને જીવનમૂલ્યો ઘરમાં જ શીખવા મળતાં. દાદા-દાદી પાસેથી સંસ્કાર મળતા, વડીલોનો આદર કરવાનું શીખવાતું અને સહકાર તથા વહેંચણીનો પાઠ જીવનમાં ઉતરતો. આજે ભૌતિક વિકાસ સાથે જીવનશૈલી બદલાઈ રહી છે. સ્પર્ધા, વ્યસ્તતા અને ડિજિટલ જીવન વચ્ચે ઘણીવાર મૂલ્યો પાછળ ધકેલાઈ જાય છે. પરિણામે માનવી પાસે સાધનો તો વધી રહ્યાં છે. પરંતુ સંબંધો અને સંતોષ ઘટતા જાય છે.

આજની નવી પેઢીને માત્ર શિક્ષણ અને કારકિર્દી પૂરતી નથી. તેને જીવન જીવવાની કળા પણ આવડવી જોઈએ. આધ્યાત્મ એ જ જીવન જીવવાની કળા શીખવે છે. તે માણસને શીખવે છે કે સફળતા સાથે વિનમ્રતા રાખવી, સંપત્તિ સાથે સંવેદના રાખવી અને શક્તિ સાથે જવાબદારી પણ નિભાવવી.

આધ્યાત્મ આપણને શીખવે છે કે સુખ બહારની વસ્તુઓમાં નહીં. પરંતુ મનની સ્થિતિમાં વસે છે. જે માણસ પોતાની અંદર શાંતિ શોધી શકે છે, તે જ જીવનના ઉતાર-ચઢાવ વચ્ચે પણ સ્થિર રહી શકે છે. જીવનમૂલ્યો માણસને સારો નાગરિક, સારો પરિવારજન અને સાથે સમાજસેવક બનાવે છે.

આજે સમાજને સૌથી વધુ જરૂરિયાત આધ્યાત્મિક જાગૃતિ અને જીવનમૂલ્યોના પુનર્જાગરણની છે. મંદિરો, સમાજસંસ્થાઓ, શાળાઓ અને પરિવારો દ્વારા નવી પેઢીને સંસ્કાર અને મૂલ્યોનું શિક્ષણ આપવું જોઈએ. ભૌતિક પ્રગતિ સાથે નૈતિક અને આધ્યાત્મિક પ્રગતિ પણ એટલી જ જરૂરી છે.

અંતમાં એટલું કહી શકાય કે આધ્યાત્મ અને જીવનમૂલ્યો કોઈ જૂના જમાનાની વાત નથી. પરંતુ ઉજ્જવળ ભવિષ્યનો આધાર છે. ટૅક્નૉલૉજી આપણને સુવિધા આપી શકે છે, પરંતુ જીવનમૂલ્યો જ જીવનનો અર્થ આપે છે. સંપત્તિ સુખના સાધનો આપી શકે છે, પરંતુ આધ્યાત્મ જ મનની શાંતિ આપી શકે છે. તેથી જીવનમાં પ્રગતિ સાથે સંસ્કાર, શ્રદ્ધા અને મૂલ્યોનું જતન કરીએ - એ જ સાચા અર્થમાં માનવ જીવનની સફળતા છે.

'માણસની સાચી સમૃદ્ધિ તેના બેંક ખાતામાં નહીં, પરંતુ તેના સંસ્કારો અને જીવનમૂલ્યોમાં વસે છે.'

આ જ સંદેશને જીવનમાં ઉતારીએ તો વ્યક્તિ, પરિવાર, સમાજ અને રાષ્ટ્ર - ચારેયનું ભવિષ્ય ઉજ્જવળ બની શકે.

શિવાદેવીની પ્રતિજ્ઞા, શરત અને દેહત્યાગ

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો



જગત જનની મા ઉમિયા માતાજી

પરમ પિતા બ્રહ્મ વિધાતા, વેદવક્તા, જગત્કર્તા, પ્રજાવર્ધક અને જગતના હિતેચ્છુ છે. સૃષ્ટિ કલ્યાણકારક કેમ થાય? કેવી રીતે થાય? એવું ચિંતન કરતાં તેમને સૃષ્ટિનું સર્જન, પોષણ અને લય તેમજ ત્રિદેવ જેમનો અંશ છે તેવા નામ અને ગુણોથી 'કલ્યાણ' શબ્દને સાર્થક કરતા પરમેશ્વર પરમ પિતા શિવ એમને યાદ આવ્યા. પરંતુ શિવ તો બ્રહ્મચારી, નિર્લેપ અને સંસારી છે. મૈથુની સૃષ્ટિ માટે નારીશક્તિની આવશ્યકતા પડે. બ્રહ્માએ શિવાદેવીનું ધ્યાન ધર્યું. વિદ્યા-અવિદ્યા-સ્વરૂપ, પરબ્રહ્મસ્વરૂપ, જગતનું પાલનપોષણ કરનાર, શિવ સાથે લીલાવતાર ધારણ કરનારાં શિવાદેવીની સ્તુતિ કરી, ત્યારે યોગનિદ્રારૂપ ચંડિકદેવી બ્રહ્મા સમક્ષ પ્રગટ થયાં. બ્રહ્માને વરદાન માગવાનું કહ્યું ત્યારે બ્રહ્માએ શિવાદેવને શિવને સ્ત્રીમાં મોહ પસાડી તેમની બીજી પત્ની તરીકે જોવાની ઈચ્છા કરી. આ માટે તેઓ દક્ષની પુત્રી થઈ શિવનાં પત્ની થાઓ એવું વરદાન માગ્યું.

બ્રહ્માનું આ વચન સાંભળી શિવાદેવી વિચારમાં પડ્યાં. તેમણે વિચાર્યું કે જો હું વરદાન નહિ આપું તો વેદનીતિ ભ્રષ્ટ થાય છે. તો મારે શું કરવું જોઈએ કે જેથી શંકર મારા પર ક્રોધે ન ભરાય! આમ વિચારી મનથી શંકરનું ધ્યાન ધરી, તેમની આજ્ઞા મેળવી દુર્ગાએ કહ્યું કે, "તે મહાપ્રભુને મોહ પમાડવા મારી પણ શક્તિ નથી, છતાં તમારા વચનથી હવે બમણો પ્રયત્ન કરીશ. તેમની જ કૃપાથી સતીનું રૂપ ધારણ કરી, તેમને જ વશ રહેનારી તેમની પ્રિયા થઈશ. તે પણ આ લોકમાં સદા મને જ વશ થઈ રહે! હું દક્ષની પત્નીમાં સતીના રૂપે ઉત્પન્ન થઈ ને શંકરને લીલાવડે પ્રસન્ન કરીશ." આમ, કહી તે બ્રહ્માની સામે જ અદશ્ય થયાં.

બ્રહ્માથી આજ્ઞા પામેલા મહાબુદ્ધિમાન પ્રજાપતિ દક્ષે કેવળ જળ વગેરેનો આહાર લઈ, તે દેવીની જ કામના રાખી. ક્ષીર સમુદ્રના ઉત્તર કિનારે રહેલાં તે જગદંબાને હૃદયમાં સ્થાયી અંબિકાનાં પ્રત્યક્ષ દર્શન કરવા તપ કરવાનો આરંભ કર્યો. જેણે દેવતાઈ ત્રણ હજાર વર્ષ સુધી મનને વશ રાખી, નિયમનિષ્ઠ અને યમાદિથી યુક્ત રહી જગદંબાનું પૂજન કરતાં એ શિવાદેવી પ્રત્યક્ષ થયાં. દક્ષે પોતાના આત્માને કૃતાર્થ માન્યો. તેણે સિંહસ્થ કાલિકાદેવીને સારી રીતે પ્રણામ કરી ઉત્તમ ગુણાનુરાગી નામ સંકીર્તનથી સ્તુતિ કરી. પ્રસન્ન દેવીએ દક્ષને યથેચ્છ વરદાન માગવાનું કહ્યું. દક્ષે કહ્યું 'તમે પૃથ્વી પર અવતાર લઈ, શિવને મોહ પમાડો. તમે મારાં પુત્રી થઈ રુદ્રનાં પત્ની થાઓ. બ્રહ્મા, વિષ્ણુ અને સર્વ જગતનો પણ કેવળ આ સ્વાર્થ છે. બ્રહ્માએ પણ મને આ પ્રેરણા કરી છે.

જગદંબાએ ખૂબ હસીને કહ્યું કે "હું તમારી ભક્તિથી અતિશય પ્રસન્ન થઈ છું. તમારી ભક્તિને વશ રહેતી હું - મહાદેવી તમારી પત્નીમાં પુત્રી તરીકે પ્રગટ થઈશ, એમાં સંદેહ નથી. હું અતિ દુસ્સહ તપ કરીને એવો પ્રયત્ન કરીશ કે જેથી મહાદેવીનું વરદાન મેળવી તેમની પત્ની થઈશ. તે વિના બીજી રીતે કાર્યની સિદ્ધિ નહિ થાય.

શિવાદેવીએ આવી પ્રતિજ્ઞા પ્રજાપતિ દક્ષ સમક્ષ રજૂ કરી એક શરત પણ મૂકી. શિવાદેવીએ કહ્યું કે, 'હે દક્ષ પ્રજાપતિ! આ એક શરત તમારા મનમાં રાખજો. જ્યારે મારા તરફ તમારો આદર ઓછો થશે, ત્યારે હું ખરેખર મારા દેહનો ત્યાગ કરીશ

અથવા મારા પોતામાં હું લય પામીશ. આ વરદાન મેં તમને આપેલું છે. તેથી દરેક સૃષ્ટિમાં હું તમારી પુત્રી થઈને મહાદેવની પત્ની થઈશ.'' આમ 'દુર્ગાદેવી મારાં પુત્રી થશે' એવી ખાતરીથી આનંદ પામતો દક્ષ પોતાના સ્થાને ગયો.

દક્ષ પ્રજાપતિએ પંચજન પ્રજાપતિની 'અસિકની' નામે સુંદર કન્યાને પત્ની તરીકે સ્વીકારી. ગળગળી વાણીથી જગદંબાની સ્તુતિ કરી. દેવીએ મનમાં વિચાર કર્યો કે, 'હું મારી પ્રતિજ્ઞા પૂર્ણ કરવા વીરણની એ પુત્રી વીરિણીમાં અવતાર લઉં.' આથી જગદંબાએ દક્ષની પત્નીના ગર્ભમાં વાસ કર્યો. દસમો મહિનો પૂર્ણ થતાં ચંદ્ર, ગ્રહ અને તારાઓની અનુકૂળતાવાળા શુભ મુહૂર્તે જગદંબા માતાની આગળ પ્રગટ થઈ તેમને ન સંભળાય એ રીતે પિતા દક્ષને પ્રતિજ્ઞા અને શરત યાદ કરાવી કહ્યું કે, તમારી ઈચ્છા સિદ્ધ થઈ છે; પણ હવે તમે તપ કરજો, એક કહી માયા વડે બાળપણ ધારણ કર્યું.

સતી જગદંબા વૃદ્ધિ પામ્યાં. સતી માટેનો વિયોગ સહન ન થતાં શિવે બ્રહ્માને દક્ષની ઈચ્છા જણવા કહ્યું. દક્ષની ઈચ્છા સતીને શંકરને જ આપવાની હતી, ત્યારે ગ્રહોના બળથી શુભ મુહૂર્તે દક્ષે પોતાની કન્યાનું હર્ષથી શંકરને દાન કર્યું. શંકરના સતી સાથે વિવાહ થયા.

પૂર્વે પ્રયાગમાં ભેગા થયેલા મુનિઓ અને મહાત્માઓનો વિધિપૂર્વક મોટો યજ્ઞ થયો હતો; જેમાં સિદ્ધો, સનકાદિ દેવર્ષિઓ, પ્રજાપતિઓ સહિત દેવો અને બ્રહ્મદષ્ટા જ્ઞાનીઓ પણ આવ્યા હતા. બ્રહ્મા અને વિષ્ણુ પરિવાર સાથે ગયા હતા. આ અવસરે પ્રભુ રુદ્ર સતીદેવી તથા ગણો સાથે ત્રણે લોકનું હિત કરનાર સ્વામી તરીકે સુંદર વચનો કહેતા ત્યાં પધાર્યા. દેવાદિ સર્વેએ ભક્તિથી તેમને નસ્કાર કર્યા. તે વખતે પ્રજાપતિઓનો સ્વામી, ઘણો જ તેજસ્વી અને સમર્થ દક્ષ અતિ પ્રસન્ન હોઈ પોતાની ઈચ્છાથી ત્યાં આવ્યો. તે બ્રહ્માંડોનો અધિપતિ હોઈ માન આપવાનો યોગ્ય હતો, છતાં અભિમાની હોઈ તત્ત્વજ્ઞાનથી રહિત હતો. ઉત્તમ તેજવાળા તે દક્ષનો બધા 'દેવર્ષિઓએ અતિનમ્ર બની બે હાથ જોડી સ્તુતિઓ તથા પ્રણામ વડે સત્કાર કર્યા. પરંતુ લીલાવતાર શંકરે પોતાના આસન પર જ બેઠા રહી તે દક્ષને નમસ્કાર કર્યા નહિ. આથી અપ્રસન્ન બુદ્ધિવાળો થઈ દક્ષ શંકર પર કોપાયમાન થયો. મહાગર્વિષ્ઠ અને જ્ઞાન રહિત તેણે મહાપ્રભુ શંકર સામે ક્રૂર દૃષ્ટિથી જોઈ બધાને સંભળાવતાં કહ્યું - 'સ્મશાનમાં રહેનારો આ રુદ્ર ખરેખર (સારા) કુળ અને જન્મથી રહિત હોઈ બ્રહ્માણાદિ વર્ણોથી વિરુદ્ધ રૂપવાળો છે, તેથી યજ્ઞોમાં તેનો બહિષ્કાર થાઓ; મારા વર્ણોમાં તે દૂર રહો અને દેવોની સાથે ભાગ ન મેળવો. રોષથી ઘેરાયેલો તે દક્ષ પણ મનમાં શિવ પરનો દ્રોહ કરવા તત્પર રહી, એ બ્રાહ્મણો સાથે પોતાના સ્થાને ગયો. મૂઢબુદ્ધિ તે દક્ષ અત્યંત રોષમુક્ત થઈ પોતે રુદ્રને શાપ આપી રહ્યો હતો, તે યાદ રાખી, શ્રદ્ધાને છોડી દઈ, શિવની પૂજા કરનારાઓની નિંદા કરવામાં તત્પર રહેવા લાગ્યો. આમ શિવ સાથે દક્ષનો વિરોધ છતો થયો.

એક વખતે દક્ષે પણ કનખલ-તીર્થ પર મોટો યજ્ઞ શરૂ કર્યો. તેમાં યજ્ઞદીક્ષા લઈ સઘળા દેવો, દેવર્ષિઓ, બ્રહ્મર્ષિઓ, રાજર્ષિઓ સહિત સર્વેને નિમંત્રણ પાઠવ્યું; પરંતુ દુષ્ટાત્મા દક્ષે 'શંકર તો ખોપરીઓ ધારણ કરે છે.' માટે તેની યજ્ઞમાં યોગ્યતા નથી. તેમજ 'સતી' તો ખોપરીઓ ધારણ કરનારની પત્ની છે' એમ પોતાની વહાલી પુત્રીને પણ શંકર સાથેના પૂર્વકાળના વેરને કારણે બોલાવ્યાં નહીં. એ સમયે દધીચિ ઋષિએ કહ્યું કે 'શંકર વિના આ યજ્ઞ, યજ્ઞ જ નથી.' આ યજ્ઞમાં તારો વિનાશ થશે' એમ શાપ આપી એકલા જ યજ્ઞ મંડપમાંથી બહાર નીકળી ગયા.

દેવો તથા ઋષિઓ ઉત્સવ સાથે દક્ષના યજ્ઞમાં જતા હતા ત્યારે દક્ષપુત્રી સતીએ ચંદ્ર-રોહિણીને દક્ષ યજ્ઞમાં જતાં જોયાં. આ જાણવા સતીની પ્રાણ પ્રિયા સમી વિજયાને કહ્યું. વિજયાએ ચંદ્ર પાસે જઈ યજ્ઞમાં જવાની વાત જાણીને સઘળી વાત સતીને જણાવી. કાલિકાદેવી સતી વિસ્મય પામી. માતા-પિતા દ્વારા યજ્ઞમાં ન બોલાવવા બાબતે અનેક વિચારો કર્યા. અંતે ગણો સહિત સભામાં બિરાજમાન શંકર પાસે ગયાં. શંકરે તેમને આદરપૂર્વક વિસ્મયનું કારણ જણાવવા કહ્યું. સતીએ દક્ષયજ્ઞની સમગ્ર વિગત શિવને જણાવી. શિવે તેનું કારણ જણાવતાં કહ્યું કે 'દક્ષ તમારો પિતા છે, પણ મારો ખાસ દ્રોહ કરનાર છે. જેઓ તમારા પિતાના યજ્ઞમાં ગયા છે, તે દેવો તથા ઋષિઓ વગેરે મૂર્ખા અને જ્ઞાન વિનાના છે. જેઓ વગર બોલાવ્યે પારકે ઘેર જાય છે, તેઓ મરણ કરતાં પણ વધારે એવું અપમાન પામે છે. મહાત્મા મહેશ્વરે એમ કહ્યું. ત્યારે સતી રોષયુક્ત થઈ બોલ્યાં કે 'જેમને લીધે યજ્ઞ સફળ થાય છે, તે આપને દુષ્ટ કર્મ કરનારા મારા તે પિતાએ બોલાવ્યા નથી, તો હે શંકર ! એ દુષ્ટાત્માનો તથા ત્યાં ગયેલા દુષ્ટાત્મા સર્વ દેવાદિનો અભિપ્રાય જાણવા હું ઈચ્છું છું. શિવની રજા માગી ત્યારે શિવે તેમને શણગારેલા પોઠિયા પર બેસી પિતાના ઘર તરફ જવા રજા આપી. સતી

તૈયાર થઈ પોઠિયા પર સવાર થઈ જ્યાં યજ્ઞ ચાલતો હતો ત્યાં પહોંચ્યાં.

નંદી પરથી ઉતરી દરવાજામાં ઊભા રહ્યાં અને પોતે એકલાં જ યજ્ઞમાં ગયાં. ત્યાં જનાનખાનામાં તેમનાં માતા-બહેનોએ તેમનો સત્કાર કર્યો. પરંતુ દક્ષે અને બીજા લોકોએ પણ શિવની માયાથી અતિમોહિત થઈ તેમજ એ દક્ષના ભયથી સત્કાર કર્યો નહીં. સર્વલોકના એ અપમાનથી સતીદેવી અત્યંત વિસ્મય પામ્યાં. યજ્ઞમાં બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવોના ભાગો જોયા; પરંતુ શંકરનો ભાગ જોયો નહીં. તેથી રોષે ભરાયેલાં તે સતીએ ક્રૂર દૃષ્ટિથી દક્ષને જાણે બાળી નાખતાં હોય તેમ તેની સાથે દૃષ્ટિ કરી બધાની સામે કહેવા લાગ્યાં - ‘જે શંકર યજ્ઞ સ્વરૂપ, યજ્ઞ જાણનારાઓમાં શ્રેષ્ઠ, યજ્ઞના અંગરૂપ અને દક્ષિણારૂપ તેમજ યજ્ઞના કર્તા છે, તેમના વિના યજ્ઞ કેમ થઈ શકે ? એમ ક્રોધપૂર્વક અનેક વાક્યો કહ્યાં.

દક્ષે પણ સતીને કહ્યું કે, ‘તું અહીંથી જતી રહે કે ઊભી રહે, હમણાં અહીં તારું કામ જ નથી. તું અહીં શા માટે આવી છે ? તારો પતિ અમંગળ છે. બ્રહ્માએ પ્રેરણા કરવાથી મેં મૂર્ખ પાપીએ ઉદ્ધત દુષ્ટાત્મા રુદ્રને તને આપી છે. તું આ યજ્ઞમાં આવી છે, તો તું પોતે જ ભાગ ગ્રહણ કર !

સતી બોલ્યાં : ‘જે મહાદેવને નિંદે છે અથવા નિંદાતા સાંભળે છે, એ બન્ને સૂર્યચંદ્ર છે ત્યાં સુધી નરકમાં જાય છે. હે પિતા ! પ્રભુ શંકરનો અનાદર સાંભળતી માટે જીવવાથી શું ફળ છે ? હું અગ્નિમાં પ્રવેશ કરી દેહનો ત્યાગ કરું છું. તેઓ સર્વને ધર્મનીતિ કહી શાંત થયાં, પશ્ચાતાપ કરવા લાગ્યાં. અતિશય ક્રોધ કરી બ્રહ્મા, વિષ્ણુ વગેરેને શિવે કરેલા ઉપકારો જણાવી શંકરનું સ્મરણ કરવા લાગ્યાં. અત્યંત શાંત બુદ્ધિવાળાં થઈ ઉત્તર દિશામાં પૃથ્વી પર બેસી, વિધિ પ્રમાણે જળનું આચમન કરી, વસ્ત્રથી ચોપાસ ઢંકાઈ, પવિત્ર થઈ, આંખો બંધ કરી, પતિનું સ્મરણ કરતાં યોગમાર્ગમાં પ્રવેશ કર્યો. પ્રાણ-અપાન વાયુને સમાન કરી, યત્નથી ઉદાનવાયુને નાભિચક્રમાંથી ઉઠાડી બુદ્ધિથી હૃદયની અંદર સ્થાયી, છાતીમાં રહેલા તેને કંઠ દ્વારા બે ભ્રમર વચ્ચે તે લઈ ગયાં. આમ શરીરને બાળી નાખવા યોગમાર્ગ દ્વારા, વાયુની પવિત્ર ધારણા કરી પતિના ચરણનું જ ચિંતન કરતાં પોતાની બુદ્ધિને યોગમાર્ગમાં પ્રવેશાવી દીધી. પાપો નાશ પામતાં તેમનો દેહ તરત જ યોગના અગ્નિ વડે વ્યાપ્ત બન્યો અને તેમની ઇચ્છાથી ભસ્મીભૂત થઈ ગયાં. સાથે ગયેલા ગણોએ યજ્ઞનો ધ્વંસ કર્યો.

આમ, મા ભગવતી સાચા અર્થમાં સતી છે. સતી સ્ત્રીઓ પ્રતિજ્ઞાનું પાલન કરે છે. પતિને જ પરમેશ્વર માને છે. પતિનો અનાદર એ પોતાનો અનાદર માને છે. મધુર અને પવિત્ર દાંપત્યનું આ પ્રેરક દૃષ્ટાંત છે. જ્યારે બીજી બાજુ અહંકારી વ્યક્તિઓને સારા-નરસાનો ભેદ નથી હોતો. વિવેકમાંથી જ્યારે ભ્રષ્ટ થાય છે ત્યારે તેમનું સેંકડોવાર પતન થાય છે. સાચે જ પુરાણકારે પ્રતિજ્ઞાનું પાલન, શરતની અવગણના અને અનાદરનું કેવું પરિણામ આપે છે, તેનું મૂલ્યનિષ્ઠ વર્ણન કર્યું છે. પુરાણકારો તો માનવ મનના ઉદ્‌ગાતા છે !

સંદર્ભ :

❖ શ્રી શિવમહાપુરાણ, રુદ્રસંહિતા - બીજો સતીખંડ, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ - ૧૯૫૨, અ. ૧૧-૧૨, ૧૪, ૧૮-૧૯, ૨૬-૩૦

ડૉ. સમીરકુમાર કે પ્રજાપતિ



વિભાગ : ૨ પાટીદારોની ઉત્પત્તિ, ઈતિહાસ અને ભ્રમણો

અંગ્રેજ સરકાર દ્વારા ૧૮૭૦માં પાટીદાર સમાજ માટે લેવાયેલાં ક્રાંતિકારી કાયદાકીય પગલાં ભાગ-૩

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

(ગતાંકથી ચાલુ)

ત્રણ દિવસ પછી એટલે કે તા. ૧૬-૦૨-૧૮૭૯ એ ફરીને નામદાર મુંબઈ સરકારને રા.બ.શેઠે એક બીજી અરજી કરી આપણી ઉત્પત્તિ તથા લગ્નપદ્ધતિની વિચિત્રતા દર્શાવી, ઉપરાંત તેના પરિણામે ઘણા ભારે ખર્ચ થાય છે તે તથા તેથી કન્યાઓ તરફ અભાવ રહે છે તે પણ જણાવ્યું. છેવટે, આ બધાના કારણરૂપ એક જ તારીખનાં લગ્ન કરવાના રિવાજને દૂર કરવાનો કાયદો ઘડવાની માગણી કરી હતી. તે પરથી સને ૧૮૮૦નાં લગ્ન સમય માટે ખર્ચ ઓછાં કરવાનો કાયદો ઘડવાનું કામ હાથ ધરી અમદાવાદના કલેક્ટર મે. બોરોડેલ સાહેબને કાયદાનો ખરડો કરી મોકલવા લખ્યું, એટલે મે. કલેક્ટર સાહેબે ખરડો તૈયાર કરી સુધારા-વધારા માટે રા.બ.શેઠ બહેચરદાસને પૂછાવ્યું ત્યારે સદરહુ શેઠ સાહેબે જન્મ-મરણ, સગપણ, લગ્ન, પુનર્લગ્ન વગેરે ફી લીધા સિવાય નોંધવાં, બાળકીના મરણ પ્રસંગે અગવડ ન કરવી અને સો રૂપિયાથી વધારે ચાંલ્લો નહિ લેવો વગેરેના સુધારા દર્શાવ્યા અને વધારામાં એ પણ વીનવવામાં આવ્યું હતું કે નવ, દશ અથવા અગિયાર વર્ષની લાંબી મુદતે એક જ તારીખે થતાં લગ્નના બદલે અન્ય જ્ઞાતિઓની પેઠે મરજી પડે ત્યારે સહુ સહુના સવડે છૂટાં લગ્ન કરવાનો કાયદો ઘડવા માટે અભિપ્રાય પૂછવા અમદાવાદ, પાટડી, વિરમગામના દેસાઈઓ વગેરેનો મેળાવડો કરવા કૃપા કરવી જોઈએ.

એ પ્રમાણે સને ૧૮૮૦માં લગ્ન આવે ત્યારે કાયદાની મદદથી ખર્ચ ઓછાં કરાવવા તથા નિર્દોષ બાળાઓનાં દુઃખ દૂર કરાવવા તન, મન અને ધનથી બન્યું તેટલું કર્યું, પરંતુ તેમના સને ૧૮૪૮ની સાલથી આજ સુધીના સતત પુરુષાર્થના પ્રમાણમાં પ્રત્યક્ષ અને સ્થાયી ફળ તાત્કાલિક આવ્યું નહિ. છતાં તેમની આવી હિલચાલનું કાળે કરી પરિપક્વ થયેલું જે ફળ આવ્યું તે આજે આપણે સહુ જોઈએ છીએ. બીજાં નવ વર્ષ ગયાં પછી સને ૧૮૮૯ના વિવાહ નજીક આવ્યા. તે વેળા અમદાવાદ જિલ્લા કલેક્ટર મે. જેમ્સ સાહેબ કરીને હતા. રા.બ.શેઠે તેમને જ્ઞાતિની સ્થિતિનો ચિતાર આપી અરજી દ્વારા, બાળાઓનાં કષ્ટો વર્ણવી તે ટાળવાના ઉપાય તરીકે લગ્નખર્ચ ઘટાડવાના પ્રથમના નિયમોનું પુનરાવલોકન કરવા, મરણ નિમિત્તિનાં ભોજન પર અંકુશ મૂકવા અને બારે વર્ષે એક જ તિથિએ થતાં લગ્નોને બદલે મરજી મુજબ છૂટાં લગ્ન કરવા, અથવા છેવટે તે લગ્નનો બને તેટલી ટૂંકી મુદતનાં કરી આપવા માગણી કરી. આ અરજી પરથી કલેક્ટર સાહેબ મે. જેમ્સ સાહેબે વાત ઉપાડી લીધી અને આવતી લગ્નસરા અવલ પોતાનાથી બને તેટલું કરી, કણબીઓની કન્યાઓનાં સંકટ ટાળવા તા. ૧૮-૦૨-૧૮૮૮ એ ઉત્તર વિભાગના કમિશનર મે. શેપર્ડ સાહેબના અધ્યક્ષપણા નીચે કણબીઓની એક જંગી સભા ભરવાનું નક્કી કરી પાટડી, વિરમગામ, કડી વિભાગ, દશકોશી, ભાલ, દંઢાવ્ય, પાટણવાડો, કાનમ વગેરે તમામ



વિભાગમાં વસતા કણબી આગેવાનોને પોતાના નામથી આમંત્રણ પત્રિકાઓ મોકલી અમદાવાદ તેડાવ્યા. આ અગત્યના કામનો આગળથી વિચાર કરવા કેટલાક વગવાળા પુરુષોની પ્રાથમિક બેઠક તા. ૧૫-૦૨-૧૮૮૯એ નામદાર પાટડી દરબારશ્રીના અધ્યક્ષપણા નીચે તેમના અમદાવાદના ઉતારે મળી હતી, જેમાં લગભગ ૨૦૦ આગેવાનોએ ભાગ લીધો હતો. શરૂમાં રા.બ.શેઠ બહેચરદાસે ઠરાવો કરાવવાનો તૈયાર કરી રાખેલો કાચો મુસદ્દો સહુની સમક્ષ વાંચી સંભળાવ્યો. અમદાવાદના શેઠ છગુલાલ સોમનાથ, શેઠ માધવલાલ, શેઠ મણીલાલ ચુનીલાલ વગેરે ગૃહસ્થોએ કેટલાક વ્યવહારુ સુધારા-વધારા કરાવી તે મુસદ્દાને સર્વાનુમતે મંજૂર કર્યો. ફરી બે દિવસ પછી એટલે કે તા. ૧૭-૦૨-૧૮૮૯એ બહારગામથી આવેલા બીજા લગભગ એક હજાર આગેવાનોની મે. કલેક્ટર સાહેબના અધ્યક્ષપણા નીચે અને તેમના બંગલે એક સભા મળી, જેમાં તા. ૧૫-૦૨-૧૮૮૯ એ થયેલા ઠરાવોનો ખરડો ફરીથી વાંચવામાં આવ્યો અને તે સહુએ સર્વાનુમતે પાસ કર્યો. બીજે દિવસે તા. ૧૮-૦૨-૧૮૮૯ એ કલેક્ટર મે. જેમ્સ સાહેબના બંગલે કમિશનર સાહેબ મે. શેપર્ડ સાહેબના અધ્યક્ષપણા નીચે લગભગ પાંચ-છ હજાર માણસોની જંગી સભા મળી, જેમાં ઊંઝાના લગ્ન કાઢનાર પટેલો, બ્રાહ્મણો, માતાજીના પૂજારીઓ, લગ્ન જાહેર કરનારાઓ અને વડોદરા રાજ્યના મોટા અધિકારીઓ વગેરેએ ભાગ લીધો હતો. સભાના કામની શરૂઆતમાં તા. ૧૫-૦૨-૧૮૮૯એ ઘડાયેલા અને તા. ૧૭-૦૨-૧૮૮૯એ મંજૂર થયેલા સઘળા ઠરાવો વાંચવામાં આવ્યા. લગ્ન-મુદત પાંચ પાંચ વર્ષે ઠરાવવાની વિરમગામવાળા શેઠ જીવાભાઈ કેવળદાસની દરખાસ્ત તથા મરણ પાછળનાં જમણ બંધ કરવાની અમદાવાદવાળા વકીલ પુરુષોત્તમ નાનશા વગેરેની લેખિત અરજીરૂપે દરખાસ્ત આવી. તે બંન્નેને અપ્રાસંગિક ગણી મુલતવી રાખી અને છેવટે નિયમો પાસ થયા. તે નિયમોનો સાર નીચે પ્રમાણે છે :

(૧) સગાઈમાં ૧ રૂપિયો અને ૭ સોપારી આપવી.

(૨) લગ્નમાં ચાંલ્લો રૂ. ૧થી ૧૯૯ સુધી લેવો-દેવો.

(૩) લગ્નના વરઘોડાનાં નાળિયરેના રૂ. ૧થી ૧૦ સુધી આપવા.

(૪) મોસાળાના રૂ. ૧થી ૧૦ સુધી આપવા.

(૫) લગ્ન વેળા છેડો-ઝલામણના રૂ. ૨ વરને આપવા.

(૬) મહીમાટલાના રૂ.૧ થી ૫ સુધી આપવા.

(૭) પૂરત રૂ. ૧થી ૫ સુધી આપવી..

(૮) સાસુને પગેપયણાના રૂ. ૧થી ૭ સુધી આપવા.

(૯) પચીસ માણસનું એક એવાં પાંચ જ દસૈયાં જમાડવાં.

(૧૦) પરગામ જતી જાનને રૂ. ૩૦ સુધી ખર્ચ આપવું અને પાંચ દિવસ સુધી પચીસ માણસ જ રોજ જમાડવાં.

(૧૧) પહેલા બાળકને તેડી સાસરે જતાં રૂ. ૧ થી ૧૧ વરપક્ષને આપવા. લૂગડાં-ઘરેણાં કરવા કન્યાના બાપને છૂટ છે.

(૧૨) નાતરાનો ચાંલ્લો પણ રૂ. ૧૯૯ સુધી આપવો. તેનું કન્યાને ઘરેણું કરાવવું, જે જીવતાં લગી તે પહેરે અને તેના મરણ પછી તેના ધણીના કબજે જાય.

(૧૩) કન્યાના બાપે વરપક્ષ પાસેથી કન્યાના બદલે કાંઈ લેવું નહિ.



(૧૪) હરકોઈ પ્રસંગે જમાઈ તેડે ત્યારે રૂ. ૨ સુધી આપવા, અને પાંચ માણસોથી વધુ સાથે લાવવાં નહિ.

(૧૫) ખાવાનું આપવાની છૂટ છે. વરકન્યા જુદું ઘર માંડે ત્યારે કન્યાનો બાપ ગમે તે મદદ આપે, પણ તેની માગણી થઈ શકે નહિ, તેમ જ તેવી મિલકત વરપક્ષના (અન્યના) કોઈ ઉપયોગમાં લઈ શકાય નહિ.

(૧૬) કન્યાની વય ૨૫ વર્ષની થયા પછી બીજી સ્ત્રી કરવી. પ્રથમની સ્ત્રી લૂલી-આંધળી હોય તો આગેવાનોની સંમતિ લઈને જ બીજી સ્ત્રી કરવી, જૂની સ્ત્રીને યોગ્ય ખર્ચ-પોષણ આપવું.

(૧૭) વિવાહ-સગાઈ કર્યા પછી યોગ્ય કારણ વિના તોડવી નહિ.

(૧૮) ખાસ કારણ વિના કન્યાને ફૂલના દડે કે બાહ્યવરથી પરણાવવી નહિ.

(૧૯) પોતાની સ્ત્રી બદચાલની ના હોય તો કોઈએ છાંડવી નહિ.

(૨૦) પોતને માટે ૨ રૂપિયા સુધીનાં કપડાં આપવાં.

(૨૧) મૃત્યુવેરો સોળ દિવસ પછી અને સગવડ આવે ત્યારે કરવો.

(સહી)	(સહી)
ત્રિકમલાલ દીનાનાથ જેમ્સ	એચ. ઈ. એમ
ચિટનીસ તા. ૧-૩-૧૮૮૯	કલેક્ટર,અમદાવાદ

આ પ્રમાણે પાસ થયેલા ઠરાવોની છપાવેલી નકલો તથા કણબી જનસમાજના સ્વતંત્ર અભિપ્રાય જાણવા સારુ સહીઓ કરવામાં ફૉર્મ ગામે ગામના મુખી-તલાટીઓ પર મોકલી આપ્યાં, જેમાં નીચે મુજબ અભિપ્રાય લખાઈ આવ્યા.

કુલ સહીઓ થઈ	૨૫, ૬૩૦
સહીઓ કરવા ના પાડી	૫,૩૭૭
ગેરહાજર છે.	૫,૫૧૭
થયેલ ઠરાવો ૧ થી ૧૯ સુધી મંજૂર	૨૨,૩૮૨
રૂ. ૧૯૯ ચાંલ્લો રાખવા ઈચ્છનાર	૫, ૬૦૬
રૂ. ૧૦૦ ચાંલ્લો રાખવા ઈચ્છનાર	૧૭, ૫૪૯
મરણનાં જમણ ચાલુ રાખનારા	૧૬,૬૬૨
મરણનાં જમણ અટકાવનારા	૧૪, ૦૩૫

આ પ્રમાણે અભિપ્રાય આવી ગયા તેથી તે તથા થયેલા ઠરાવો વગેરેનો તુમાર મહેરબાન કલેક્ટર સાહેબે મુંબઈ સરકાર તરફ મોકલી આપ્યો. જે પુરુષો વંશપરંપરાથી જાતે હાથમુચરકા આપી સને ૧૮૪૮ થી આજ સુધી આવા આવા સઘળા પ્રસંગે પોતાની સંમતિ આપી હતી. છતાં વારંવાર વિપરીત વર્તન કરતા આવ્યા છે તે પુરુષોએ પાછળથી, પોતે સ્વીકારેલા નિયમો વિરુદ્ધમાં છૂપી રીતે જુદી જુદી અરજીઓ કરી-કરાવી. તેમાં કોઈએ ચાંલ્લાની રકમ રૂ. ૧૯૯ રાખવા, કોઈએ બે સ્ત્રીઓ કરવાની છૂટ રાખવા અને કોઈએ મરણ પાછળનાં જમણ પર અંકુશ નહિ મૂકવા માગણીઓ કરી. એક અરજી તો વિરમગામ, પાટડી અને અમદાવાદના કુલીનોએ ખાસ ૧૮૭૦નો આઠમો ઍક્ટ જ લાગુ નહિ કરવા કરી હતી, જે અરજીમાં નિયમો પાસ કરતાં હાજર રહી સંમતિ આપનારા



ઘણાઓએ સહીઓ કરી હતી. બીજી અરજી તેમની સામે સુધારાના વિચારવાળાઓએ રા.બ.શેઠ બહેચરદાસની આગેવાની નીચે કરી હતી. આ વગેરે અરજીઓ ઉપર પુખ્ત વિચાર કરી નામદાર મુંબઈ સરકારે લોકોને તા. ૨૮-૧૧-૧૮૮૯ના રોજ ગવર્નમેન્ટ ગૅઝેટ - જનરલ ડિપાર્ટમેન્ટમાં નં. ૪,૯૩૪થી જવાબ આપ્યો. તેનો સાર એધા છે કે

"અમદાવાદ શહેરના અને જિલ્લાના કેટલાક લોકો, જેઓ જ્ઞાતિમાં ઊતરી આવેલી ખાનદાન શાખાનાં ફરજંદો છે, જેઓને ચાંલ્લાનાં વધારે નાણાં લેવાની લાલસા છે, જેઓએ લગ્નનાં ખર્ચ ઘટાડવા થયેલા નિયમોથી પોતાની કિંમત ઘટેલી માની છે અને જેઓ ચાંલ્લો લીધા વિના પોતાના પુત્રોના લગ્નસંબંધ કરવા નારાજ છે તેઓ પાસ થયેલા નિયમોની વિરુદ્ધ છે તે સ્વાભાવિક છે. તેમની છાપેલી અરજીમાં બતાવેલ વાંધા અને ફેરફાર બિનજરૂરી છે. દરેક પાટીદાર કણબી છે, પણ દરેક કણબી પાટીદાર નથી; માટે કણબી શબ્દથી આખી જ્ઞાતિનો સમાવેશ થાય છે. ચાંલ્લાના દર બાબતમાં વધારે મતે ચાંલ્લો ઘટાડી દીધો છે. બાકીનાં વાંધા-અડચણો, જે ઉપાધિ ઘટાડવાને ડ્રાફ્ટ તૈયાર કર્યો છે તેને વધારે તેવી છે માટે ધ્યાન આપવા જેવાં નથી. ઉત્તરક્રિયાના ખર્ચનો બંદોબસ્ત વધુ મતે તજી દેવામાં આવ્યો છે. વગેરે વગેરે...

મિ. શેપર્ડ, જેમ્સ, કુક, મિ. બહેચરદાસ, જે.એ.દલાલ, કૃષ્ણાલાલ તથા પાટડી દરબાર અને બીજા ગૃહસ્થો, જેમણે કડવા કણબીઓની ઉન્નતિ વધારવા અને જે રીતરિવાજોનું પરિણામ તે જ્ઞાતિના હિતને ઘણું જ નુકસાનકારક છે તે રીતરિવાજો બંધ કરવા પોતાના સ્તુતિપાત્ર પ્રયત્નથી મુખ્ય ભાગ લીધો છે તેઓ સઘળાને વાજબી રીતે ઘણું માન ઘટે છે."

એ પ્રમાણે તા. ૧૮-૦૨-૧૮૮૯ના રોજ થયેલા ઠરાવો તથા તે ઉપર આવી ગયેલા કણબી પ્રજાના જાહેર અભિપ્રાયો સાથે મે. કલેક્ટર સાહેબે મોકલેલો તુમાર તથા પાછળથી તેને અનુમોદન આપનારા અને વિરુદ્ધ પડનારાઓની અરજીઓ વગેરે પર વિચાર કરી, કણબી જ્ઞાતિમાં લગ્નને લગતાં ખર્ચ કમી કરી, બાળકી-હત્યા થવાનો ભય દૂર કરવા ના. મુંબઈ સરકારે તા. ૨૧-૦૧-૧૮૯૦ના પોતાના હુકમ નં. ૩૦૮થી જે નવા ઠરાવો બહાર પાડ્યા તેમાં તા. ૧૮-૦૨-૧૮૮૯ના રોજ થયેલા ૨૧ ઠરાવોમાં નીચે પ્રમાણે ફેરફાર કર્યો.

(૧) પહેલા ઠરાવમાં પ્રથમના ૨૧ નિયમોનો એવી રીતે સમાવેશ થયો હતો કે -

૧. નિયમ અસલ મુસદ્દા મુજબ મંજૂર.

૨. અસલ મુસદ્દામાં ચાંલ્લાના રૂ. ૧૯૯ રાખ્યા હતા તે આવેલા અભિપ્રાયો જોતાં બહુ મતે ઘટાડીને રૂ. ૧૦૧ ઠરાવ્યા.

૩. ૩ થી ૧૫. નિયમો અસલ મુસદ્દા મુજબ મંજૂર.

૧૬. એક સ્ત્રીની હયાતીમાં બીજી કરવાને જે ઉંમરની મર્યાદા બતાવી હતી તે કલમ રદ કરી તેના બદલે ઠરાવ્યું કે, દરેક વિવાહ, લગ્ન અને નાતરાની દરેક માણસે તલાટીને ખબર આપવી; ફી લીધા સિવાય તે નોંધશે; પરંતુ ચાંલ્લાની જે રકમ મુકરર કરવામાં આવી હોય તે, તે જ વખતે જાહેર કરવી.

૧૭ થી ૨૧. અસલ મુસદ્દા મુજબની તમામ રદ કરી અને તેના બદલે.



(૨) હવેથી દરેક તલાટી નીચે મુજબ રજિસ્ટર રાખશે અને તે કોરા કાગળના તાવ ઉપર લખશે : ‘‘કડવા કણબીની જ્ઞાતિમાં વિવાહ, લગ્ન તથા ચાંલ્લાઓનું રજિસ્ટર’’ ગામ -

૧. અનુક્રમે નંબર;

૨. જે તારીખે ખબર આપવામાં આવી હોય તે તારીખ;

૩. વરનું તથા તેના બાપનું નામ;

૪. વરના બાપ કે વાલીનું ગામ અને તાલુકો

૫. કન્યાનું તથા તેના બાપનું નામ;

૬. કન્યાના બાપ કે વાલીનું ગામ અને તાલુકો;

૭. કન્યાનાં સગાં તરફથી ચાંલ્લો આપવાનો તેનો આંકડો;

૮. ઉપરની હકીકત નોંધનાર શખસનું નામ.

(૩) જ્યારે જ્યારે વિવાહની ગોઠવણ થાય ત્યારે કન્યાના બાપ અથવા તો વાલીએ અડતાલીસ કલાકમાં ચાંલ્લાની કેટલી રકમ ઠરી તે બાબત તલાટીને ઉપરની હકીકત સહિત ખબર આપવી. નોંધ બાબત કાંઈ પણ ફી લેવાની મના છે, તેથી તલાટી તેવી દરેક નોંધ મફત રાખશે.

(૪) કોઈ પણ નિયમ તોડવામાં આવશે તો છ મહિનાની કેદ અને એક હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષા કરવામાં આવશે; પણ ઉમેદ રાખવામાં આવે છે કે કોઈ પણ કડવો કણબી સદરહુ નિયમોમાંનો કોઈ પણ નિયમ તોડી કાયદા વિરુદ્ધ ચાલશે નહિ. આવતી લગ્નસરા વખતે તે કાયદાનો અમલ ચોક્કસ રીતે કરવામાં આવશે.

(૫) આ નિયમોની અવગણના કર્યા બાબત કાંઈ પણ હકીકત તલાટીની જાણમાં આવે તો તેણે મામલતદારને એકદમ તે બાબત ખબર આપવી.

ઉપર પ્રમાણે નિયમો ઠરાવી જાહેરનામાં બહાર પાડ્યા. તેમાં એક ઉપર બીજી સ્ત્રી કરનારાઓ માટે અંકુશ તરીકે અસલ મુસદ્દામાં જે દર્શનીય કલમ હતી તે ઊડી ગઈ, જેથી જનસમાજનાં મન ખિન્ન થયાં. ના. સરકારમાં તે બાબત ઘણી અરજીઓ કરવામાં આવી, જેમાં અરજદારોએ એવું જણાવ્યું હતું કે - માત્ર પૈસાની લાલચને લીધે લોભી માબાપો પોતાના બાળક-પુત્રને એક વખત પરણાવી પૈસા ખાઈ જઈ અને પછી તેને બીજા વિવાહ વખતે બીજી સ્ત્રી પરણાવી પ્રથમની કન્યાને રખડતી મૂકે છે, જેથી અનાથ બાળાઓ મહાસંકટમાં આવી પડે છે. જનસમાજના આવા પોકારથી છેવટે ના. સરકારે નીચે મુજબ નવો સરક્યુલર બહાર પાડ્યો. (ક્રમશઃ)



અમૃત પટેલ
(નિવૃત વનઅધિકારી, ગાંધીનગર)



વિભાગ : ૩ પાટીદાર જ્ઞાતિ ઇતિહાસની અટારીએથી

શંકરલાલ થી આચાર્ય દૌલતસાગરસૂરીજી સુધીની વિરલ જીવનયાત્રા

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો



આચાર્ય દૌલતસાગરસૂરીજી મહારાજ

શ્રી સંઘ સ્થવિર ગચ્છાધિપતિ આચાર્ય દૌલત સાગર સૂરીજી મહારાજ સાહેબ જૈન પરંપરાના એક એવા ધ્રુવતારક સંત હતા, જેમનો સંયમ ઉજાસ આજે પણ અગણિત આત્માઓના અંતરના અંધારાં દૂર કરી રહ્યો છે. ૧૦૩ વર્ષના દીર્ઘ આયુષ્યના ૫ટ ૫ર ૮૪ વર્ષ સુધી તેમણે જે અજોડ અને અખંડ સાધના કરી, તે કોઈ સામાન્ય જીવનચરિત્ર નથી, પરંતુ ભારતીય શ્રમણ સંસ્કૃતિનો એક સુવર્ણ અને કીમતી દસ્તાવેજ છે. જૈન શાસનના ઈતિહાસમાં આ એક અત્યંત વિરલ અને ગૌરવપૂર્ણ ઘટના છે કે કડવા પાટીદાર સમાજના આંગણે જન્મેલા એક બાળકે જૈન સાધુ પરંપરામાં સર્વોચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું.

ગરીબીની ગોદમાં શંકરનો જન્મ અને બાળપણ :

ઈ.સ. ૧૯૨૦માં, મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકાના જેતપુર ગામમાં એક કડવા કણબી (પાટીદાર) પરિવારમાં તેમનો જન્મ થયો હતો. માતા-પિતાએ વહાલથી તેમનું નામ "શંકર" રાખ્યું. પિતા માલદાસભાઈની આર્થિક ગરીબી અને માતા દિવાળીબેનની મમતાના ઓછાયા હેઠળ ઉછરેલો આ બાળક કદાચ ત્યારે પોતે પણ નહોતો જાણતો કે કાળાંતરે તે અધ્યાત્મનો 'સાગર' બનીને લાખો તરસ્યા હૃદયોની યાસ બુઝાવશે.

ચૌદ વર્ષની કૂણી વયે પેટની આગ બુઝાવવા અને પરિવારને આર્થિક મદદ કરવા શંકર અમદાવાદની શેરીઓમાં રોજગારની શોધમાં આવ્યો. નસીબજોગે તેને એક ધાર્મિક જૈન કુટુંબના ઘરે ઘરકામ મળ્યું. શંકરે પોતાની આંતરિક ખંત અને પ્રામાણિકતાથી કામ કર્યું. જેના પરિણામે તે પરિવાર માટે નોકર મટીને ઘરનો સદસ્ય બની ગયો. આ જ ઘરમાં શ્રાવિકા ચંપાબેનના મુખેથી તેમણે પ્રથમ વાર 'નમો અરિહંતાણ'મંત્ર સાંભળ્યો. મહામંત્ર નવકારના આ પ્રથમ શ્રવણે શંકરના રોમેરોમમાં એક અભૂતપૂર્વ ઝંકાર પેદા કર્યો. જૈન મંદિરની ઘંટડીઓનો નાદ, સાધુ ભગવંતોની ગોચરી અને શ્રાવકોની સામાયિકના સંસ્કારો જોતાં-જોતાં ક્યારે આ બાળક ધર્મના રંગે રંગાઈ ગયો, તેની તેને ખુદને ખબર ન રહી.

વૈરાગ્યનો આહ્વાન અને સંયમ પંથની દીક્ષા :

શંકર જ્યારે અઢાર વર્ષના યુવાન થયાં ત્યારે અમદાવાદમાં એક મહાન ચાતુર્માસનો યોગ્યો આવ્યો. આગમ ઉદ્ધારક આચાર્ય આનંદસાગર સૂરીજીના શિષ્ય આચાર્ય દેવેન્દ્રસાગર સૂરીજીના દર્શન શંકરને થયા. જૈન સંતના નિર્લેપ, શાંત અને તેજસ્વી મુખારવિંદને જોઈને શંકરનું મન સંસારથી સાવ વિરક્ત થઈ ગયું. જેને અત્યાર સુધી પોતાનુ કોઈ સ્થિર ઘર નહોતું તેને હવે આખો સંસાર પારકો અને અસાર લાગવા માંડ્યો.

ઓગણીસમે વર્ષે, સંસારના તમામ બંધનો તોડી, માતા-પિતાના આશીર્વાદ મેળવી શંકરે મધરાતે દોઢ વાગ્યે ઘરેથી વિહાર કર્યો અને આચાર્યશ્રી આનંદસાગર સૂરીજીના ચરણોમાં પોતાનું મસ્તક મૂકી દીધું. દીક્ષાની પવિત્ર પળે શંકર મટીને તેઓ 'દૌલતસાગર' બન્યા. નામની સાથે જ જાણે નિયતિએ એમના ભાલ પર સંયમની દૌલત અને જ્ઞાનનો અખૂટ ભંડાર લખી દીધો હતો. જ્ઞાતિજનો દ્વારા આ દીક્ષાનો સખત વિરોધ થવાને કારણે, દીક્ષાથી લઈને મોટી દીક્ષા સુધીના ઘણા દિવસો સુધી તેમને ઉપાશ્રયમાં અજ્ઞાત રાખવામાં આવ્યા હતા. દીક્ષા સમયે તેઓ માત્ર બે જ સૂત્રો જાણતા હતા. - 'નવકાર મંત્ર' અને 'કરીપ્રિભતે'

પરંતુ ત્યારબાદ તેમણે જે પુરુષાર્થ કર્યો તે આશ્ચર્યજનક હતો.

જ્ઞાનની ગંગા અને ચમત્કારિક મેધા :

દીક્ષા લીધા પછી પૂજ્ય દૌલતસાગરજીની બુદ્ધિપ્રતિભા જાણે આકાશને આંબવા લાગી. જેમણે દીક્ષા પછી જ સામાન્ય જ્ઞાન અને ધાર્મિક ક્રિયાઓ શીખવાની શરૂઆત કરી હતી. તેમણે અદ્ભુત સ્મરણશક્તિના બળે માત્રઃ

૧૨ દિવસમાં પંચ પ્રતિક્રમણ કંઠસ્થ કર્યું.

૬ દિવસમાં કર્મગ્રંથના ગૂઢ રહસ્યો હૃદયંગમ કર્યા.

૩૬ કલાકમાં નવસ્મરણ મોઢે કર્યું.

૨૪ કલાકમાં વીતરાગ સ્તોત્રની ૨૫૦ ગાથાઓ કંઠસ્થ કરી લીધી.

સમય જતાં તેમણે ૧૫ જેટલી ભાષાઓ પર પ્રભુત્વ મેળવ્યું અને જૈન ધર્મના સર્વોચ્ચ એવા ૪૫ આગમો કંઠસ્થ કર્યા. જ્ઞાનની ગંગા, ધ્યાનની યમુના અને તપની સરસ્વતીનો ત્રિવેણી સંગમ એમના જીવનમાં નિરંતર વહેતો રહ્યો.

પદારોહણ અને જૈન શાસનની સર્વોચ્ચ પદવી

તેમની ક્રિયાશુદ્ધિ, વિદ્વત્તા અને સંયમ પ્રીતિને જોઈને જૈન સંઘ દ્વારા સમયાંતરે તેમને સર્વોચ્ચ પદોથી અલંકૃત કરવામાં આવ્યા :

ઈ.સ. ૧૯૬૫ : ગુરુદેવે તેમને 'ગણી' પદ પ્રદાન કર્યું.

ઈ.સ. ૧૯૮૫ : 'ઉપાધ્યાય' પદવીથી સન્માનિત કરાયા.

ઈ.સ. ૧૯૮૭ : 'આચાર્ય' પદવીથી અલંકૃત કરવામાં આવ્યા.

ઈ.સ. ૨૦૦૯ : સમગ્ર સાગર સમુદાયની ધૂરા સોંપીને તેમને 'ગચ્છાધિપતિ' જાહેર કરાયા. આચાર્ય સિદ્ધિસૂરીજી અને આચાર્ય ભદ્રસૂરીજી પછી શતાયુના માઈલસ્ટોન સુધી પહોંચનારા તેઓ ત્રીજા ગચ્છાધિપતિ હતા.

ઈ.સ. ૨૦૨૨ : અમદાવાદની પવિત્ર ધરતી પર ચારેય ગચ્છના હજારો સાધુ-સાધ્વીજીઓની ઉપસ્થિતિમાં ૮૮ વર્ષના લાંબા અંતરાલ બાદ તેમને જૈન શાસનનું પરમ વિરલ પદ 'શ્રી સંઘ સ્થવિર' અર્પણ કરવામાં આવ્યું.

અજોડ સાધના, કઠોર તપસ્યા અને દઢ નિયમો

પૂજ્ય સૂરીજી મહારાજ સાહેબનું જીવન એટલે કઠોરતમ નિયમોની જીવંત પ્રયોગશાળા, તેમના જીવનના કેટલાક એવા નિયમો હતા જે સાંભળીને પણ આશ્ચર્ય થાય :

એ તેમણે જીવનમાં ૭૦ વર્ષ સુધી દૂધ, દહીં અને ઘી (વિગઈ) નો સ્પર્શ પણ કર્યો ન હતો.

એ ૮૦ વર્ષ સુધી તેઓ ક્યારેય કોઈ વાહનમાં બેઠા નથી, અવિરત પગપાળા વિહાર કર્યો.

એ તેમણે જીવનભર ક્યારેય કોઈ વિજાતીય (સ્ત્રી) વ્યક્તિનું નામ પોતાના હાથે લખ્યું નહોતું.

એ ૩૭ વર્ષ સુધી તેમણે રોજ નિયમિત ૧,૦૦૮ લોગસ્સ અને ખમાસમણા દેવાની અદ્ભુત સાધના કરી.

એ તેમણે ભારતભરમાં ફેલાયેલી ૧૧૯ કલ્યાણક ભૂમિની બે વાર પગપાળા યાત્રા એકલા એ કરી હતી.

એ પવિત્ર તીર્થ સમેતશિખરજીની ૯૪ આયંબિલ યાત્રા કરવાનો વિરલ રેકોર્ડ તેમના નામે છે.

એ ૧૦૦ વર્ષની ઉંમરે પણ તેઓ પોતાના રજોહરણની પ્રતિલેખના (સાફ-સફાઈ) પોતાના હાથે જ કરતા હતા. તેમની સ્ફૂર્તિ જોઈને યુવાન સાધુઓ પણ આશ્ચર્યશક્તિ થઈ જતા.

'જિનાગમ સેવી' અને નિર્માણ કાર્યના પ્રણેતા :

આચાર્ય દૌલતસાગરસૂરીજી માત્ર ક્રિયાપાત્ર સંત નહોતા, પરંતુ દીર્ઘદ્રષ્ટા હતા. તેઓ માનતા હતા કે, "આગમ માત્ર પોથીઓમાં પૂરાયેલા ન રહેવા જોઈએ, તે દીવાલ બનીને બોલતા થવા જોઈએ." આ વિચાર સાથે તેમણે ભારતના વિવિધ ભાગોમાં વિશિષ્ટ "આગમ મંદિરો"નું નિર્માણ કરાવ્યું. તેમણે કુલ ૪૫ આગમોને શુદ્ધ તામ્રપત્ર પર કોતરાવીને મંદિરની દીવાલો પર જડાવ્યા. પુણ પાસે કાતરજનું 'શ્રીવર્ધમાન જૈન આગમ તીર્થ' તેમની અજોડ આગભક્તિનું જીવંત સ્મારક છે. આ ઉપરાંત તેમણે ૩૫ બારસા સૂત્રમંદિર, ૩૭ જિનાલય, પાલીતાણામાં ૧૦૮ ફૂટ ઊંચા આદિનાથ પ્રભુની મૂર્તિ અને રોહિશાળા તીર્થની ભવ્ય પ્રતિષ્ઠા કરાવી. આથી જ જગત તેમને આદરપૂર્વક 'જિનાગમ સેવી' તરીકે ઓળખે છે.

જન્મભૂમિનું ઋણ સ્વીકાર અને સામાજિક સમરસતા :

જે જેતપુર ગામમાં દીક્ષા સમયે ભયંકર વિરોધ થયો હતો, તે જ પોતાની જન્મભૂમિ પર પૂજ્ય ગુરુદેવે મુનિસુવ્રત સ્વામી જિનાલયની સ્થાપના કરી. પોતાના તપ અને વાત્સલ્યના બળે તેમણે ત્યાંના ૧૫૦થી વધુ અજૈન પરિવારોને રોજ પ્રભુ પૂજા અને ધર્મ આરાધના તરફ વાળ્યા. તેમના માટે ધર્મના કોઈ સીમાડા કે દીવાલો નહોતી. ધર્મ તો માણસને માણસ બનાવે અને સમરસતાનો સેતુ સર્જે તેવું તેમનું દ્રઢ માનવું હતું. લાખો યુવાનોને તેમણે વ્યસનમુક્તિ કરાવી સન્માર્ગે વાળ્યા. વળી, તપાગચ્છ, ખરતરગચ્છ,

અંચલગચ્છ અને સ્થાનકવાસી જૈન પરંપરાઓ વચ્ચે સમન્વય સાધવામાં તેઓ કુશળ સેતુ બન્યા હતા. જીવદયાના કાર્યોમાં તેમણે 'એક રોટલી ગાય માતા માટે' અભિયાન શરૂ કરાવ્યું અને દેશની ૫૦થી વધુ પાંજરાપોળોના તેઓ મુખ્ય પ્રેરક રહ્યા હતા.

દેહત્યાગ અને મહાપ્રયાણ

અંતે ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ, પુણેના ઉપાશ્રયના સુજોય ગાર્ડન મુકામે, મુખમાં નવકાર મહામંત્રનું રટણ કરતાં-કરતાં આ મહામાનવે પોતાના દેહનું પિંજર છોડી પરમધામ તરફ પ્રયાણ કર્યું. ૧૦૩ વર્ષની વિરાટ જીવનયાત્રા અને ૮૪ વર્ષનો સંયમ પર્યાય પૂર્ણ કરી તેઓ પંચત્વમાં વિલીન થયા. તેમના પ્રત્યેની ભક્તિ એટલી ચરમસીમાએ હતી કે અંતિમ સંસ્કારની વિધિની બોલી રૂપિયા ૧ કરોડ ૧૧ લાખ સુધી પહોંચી હતી. કાતરજ સુધીની તેમની અંતિમ પાલખી યાત્રામાં હજારોની મેદની અશ્રુભીની આંખે ઉમટી પડી હતી.

પૂજ્ય ગુરુદેવ હંમેશા એક બહુ સુંદર વાત કહેતા : "મારી પાસે મારું પોતાનું શું છે ? આ બે હાથ છે. એક હાથથી નવકાર વહેંચું છું અને બીજા હાથથી આશીર્વાદ આપું છું. ખાલી હાથે આવ્યો હતો, ખાલી હાથે જઈશ; વચ્ચે જે કંઈ પરમાત્માએ મને ભર્યું છે, તે બધું જગતને વહેંચીને જઈશ."

કડવા પાટીદાર કુટુંબમાં જન્મેલા શંકરભાઈ પોતાના પવિત્ર કર્મો, કઠોર સાધના અને અજોડ પુરુષાર્થથી જૈન શાસનના 'શ્રી સંઘ સ્થવિર' બન્યા. આજે તેઓ દેહસ્વરૂપે આપણી વચ્ચે નથી, પરંતુ તેમની "દૌલત વાણી"ના ૮ અમૂલ્ય ગ્રંથોના એક-એક શબ્દમાં તેઓ સદાય જીવંત રહેશે. તેમનો જીવન સંદેશ સાદો અને સચોટ છે કે

ઉંમર, જ્ઞાતિ, કુળ કે પૈસો કશું જ મહત્ત્વનું નથી; મહત્ત્વનો છે માત્ર આત્માનો શુદ્ધ ભાવ. જો હૃદયમાં સાચી લગન હોય, તો માટીનો 'શંકર' પણ અધ્યાત્મનો 'સાગર' બની શકે છે !

પૂજ્ય આચાર્યશ્રીના ચરણોમાં કોટિ-કોટિ વંદન.



૧૦૦ વર્ષની ઉંમરે મુમુક્ષુઓને માર્ગદર્શન કરતા આચાર્ય દૌલતસાગરસૂરીજી મહારાજ

આચાર્ય દૌલતસાગરસૂરીજી મહારાજે સ્થાપેલ તીર્થોની તસ્વીરો



પૂ. દૌલતસાગર સૂરેશ્વરી મહારાજ પ્રેરિત વર્ધમાન જૈન આગમતીર્થ-પૂણે



પૂ. દૌલતસાગર સૂરેશ્વરી મહારાજ પ્રેરિત વર્ધમાન જૈન આગમતીર્થ-પૂણે



વતન જેતપરમાં જૈનમંદિર



- ડૉ. ભાવેશ જેતપરિયા

પાટીદાર સુરાપુરા

ભીમજીબાપા કડીવારનો પાળિયો : કડીવાર પરિવાર (કડેવાર)

(ગામ : મોટીમાલવણ, તા. પાટડી, જિ. સુરેન્દ્રનગર)

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો



પ્રેમજીબાપા અને ભીમજીબાપા કડીવારના ધડના પાળિયા
પ્રેમજીબાપા અને ભીમજીબાપાના ધડ પૂજાય છે.
(ગામ : મોટીમાલવણ, તા. પાટડી, જિ. સુરેન્દ્રનગર)



પ્રેમજીબાપા અને ભીમજીબાપા કડીવારના મસ્તકના પાળિયા
પ્રેમજીબાપા અને ભીમજીબાપાના મસ્તક પૂજાય છે.
(ગામ : દેગામ, તા. પાટડી, જિ. સુરેન્દ્રનગર)

સુરાપુરા બાપા

(૧) શ્રી પ્રેમજીભા પૂજાય છે.,

(૨) શ્રી ભીમજીભા પૂજાય છે.

"ધરતી ગાજે કાયરભાગે હાંકે દેતા હોકારા
જનનીના જાયા કવિએ ગાયા લોકવિરલા કોક જડે
મેદાન મરવા અવસર વરવા મરદ કસુંબલ રંગ ચડે
જી મરદ કસુંબલ રંગ ચડે"

લૂંટારાઓ ગાયો લૂંટવા આવ્યા ગામમાં હાહાકાર મચી ગયો રખેવાળોનાં હાથમાં જે હથિયાર આવ્યા તે લઈ ગાયો બચાવવા કડવા પાટીદાર ભીમજી બાપા પણ ધિંગાણે ચડ્યા, જબરુ ધીંગાણું ચાલ્યું લૂંટારાઓને માર્યા આ લડાઈમાં બંને બાપાનાં માથાં વઢાઈ ગયાં શૂરાતનતો એવું ચડ્યું કે બાપાનાં માથાં દેગામ (પાટડી તાલુકો) ગામે પડ્યાં અને બાપાનું ધડ લડતાં લડતાં છેક મોટીમાલવણ ગામે પડ્યાં. આમ દેગામ ગામે બાપાનાં માથા પૂજાય છે. બંને બાપાએ ગાયો બચાવવા પોતાના પ્રાણ આપી કડીવાર પરિવાર ને ઉજળુ કર્યું.

"ભલઘોડા વલ વંકડા હલ બાંધવા હથિયાર
ઝાઝી ફોજુમાં જીકવા જેને મરવું એક જ વાર"

મોરી માલવણ ગામે ૪૦ જેટલા પાળીયાઓ આજે પણ શૂરવીરતાની સાક્ષી સમા ઊભા છે.

રાજચરાડી ગામે દર ચૈત્રી પૂનમે પરિવારોનું સ્નેહમિલન યોજાય છે. સમૂહ પ્રસાદી લેવાય છે. કડીવાર પરિવારો ધ્રાંગધ્રા પાસે આવેલ રાજચરાડી ગામે ગોત્રીજ માતા સિધ્ધેશ્વરી માતાજીનું પૂજન કરે છે. અને હવન કરે છે. માતાજીનું મઢમંદિર વિશાળ બનાવેલ છે. માતાજીના નૈવેધ ધરવામાં આવે છે.

(૨) કડીવાર પરિવારનાં એક દેવબાપા જામજોધપુરગામે પૂજાય છે. બાપાનું દેવભુવન બાંધવામાં આવેલ છે.

(૩) કડીવાર પરિવારનાં એકદેવ બાપા ઉપલેટા તાલુકાનાં ભીમોરા ગામે પૂજાય છે.

(૪) કડીવાર પરિવારનાં રામજી બાપા નાનીકુકાવાવ ગામે પૂજાય છે.

પાટીદાર સુરાપુરા

કાકા માવજીભા અને ભત્રીજા સવજીભાનો પાળિયો : કંડીયા પરિવાર

(ગામ : રાજચરાડી તા. ધ્રાગંધ્રા, જી. સુરેન્દ્રનગર)

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો



કાકા માવજીભા અને ભત્રીજા સવજીભાનો પાળિયો
(ગામ : રાજચરાડી તા. ધ્રાગંધ્રા, જી. સુરેન્દ્રનગર)

ઝાલાવાડની શૌર્યવંતી ભૂમિએ અનેક શૂરવીરો અને અનેક દાતાઓને જન્મ આપ્યો છે. અનેક શૂરવીરોએ ગામ બચાવવા, ગાયો બચાવવા, દીકરીઓની ઈજ્જત બચાવવા અને જાન લૂટાતી હોય તેને બચાવવા, આશરાધર્મે આવેલાને બચાવવા પોતાના પ્રાણ આપ્યા છે. અને તેના પાળીયાઓ આજે પણ વીરતાની સાક્ષી રૂપે પૂજાય છે. આવી પાવનકારી ભોમકાને જેટલા વંદન કરીએ એટલા ઓછા પડે. આ ભોમકા તો ભક્તિ અને શૌર્યથી ભરેલી છે. અનેક દુષ્કાળોનો સામનો આ ભોમકા એ કરેલો છે. છતાં આજ પણ અડીખમ છે.

"આશા કરે નહીં કદી કોઈની, ખેડૂત ખુમારીથી જીવતો.

ઈ મરે પણ માગે નહીં ઈ કણબી ઝાલાવાડનો.

"ખડ પાણીને ખાખરા, પાણાનો નહીં પાર

વગર દીવે વાળુ કરે, ઈ દેવ ભૂમિ પાંચાળ"

રાજચરાડી ગામે કડવા પાટીદાર પરિવારમાં કંડીયા અટકમાં બાપાનો પાળીયો પૂજાય છે. કાકાનું નામ માવજીભા તથા ભત્રીજાનું નામ સવજીભા. આમ કાકા અને એક ભત્રીજાનો ભેગો પાળીયો છે. બંનેની ખાંભી ભેગી છે. રાજચરાડીગામે લૂટારાઓ ગાયો લૂટવા આવેલા ત્યારે આ પરિવારનાં કાકા તથા ભત્રીજાએ હાથમાં હથિયાર લીધા બહારવટિયાની સામે ધીંગાણે ચડ્યા જબરુ ધીંગાણુ ચાલ્યુ મારા મારી કાપા કાપી થઈ ધુળની ડમરીઓ ચડી ગાયો ભાંભરડા મારવા લાગી કાકા ભત્રીજા તો શૂરાતનથી લડ્યા લુટારાઓ ભાગ્યા, ગાયો બચાવી લીધી કાકા તથા ભત્રીજા ને ઘણા ઘાવો પડ્યાં લોહીની ધારાઓ વેહવા લાગી. આમ બંને વીરગતિ પામ્યા.

"કાકા તથા ભત્રીજાને નમન હો"



દેવરાજભાઈ કરડાણી

વિભાગ : ૪ પાટીદાર સમાજના રત્નો

ગૌરવરૂપ પાટીદાર સાહિત્યકાર અને સમાજસેવક : પીતાંબર પટેલ

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો



પીતાંબર પટેલ

ઉત્તર ગુજરાતના પાટીદાર સમાજના ગૌરવરૂપ સાહિત્યકાર પીતાંબર પટેલનો જન્મ તા. ૧૦-૦૮-૧૯૧૮ના રોજ મહેસાણા જિલ્લાના શેલાવી ગામમાં થયો હતો. તેઓ જ્ઞાતિએ કડવા પાટીદાર હતા. તેમના પિતાનું નામ નરસિંહભાઈ હીરાભાઈ પટેલ અને માતાનું નામ લહેરીબહેન હતું. એમનાં લગ્ન ઈ.સ. ૧૯૪૭માં શ્રી લલિતાબહેન સાથે થયાં હતાં.

પ્રાથમિક શિક્ષણ શેલાવી અને પલાસર ગામમાં અને માધ્યમિક શિક્ષણ કડીની સર્વ વિદ્યાલયમાં લીધું હતું. શાળાજીવન દરમિયાન એમણે હસ્તલિખિત માસિક શરૂ કરેલું. ૧૯૩૬માં મેટ્રિક થયા બાદ તેઓ ૧૯૪૦માં ગુજરાત વિદ્યાસભામાંથી ગુજરાતી વિષય સાથે એમ. એ. થયા.

પીતાંબર પટેલ વ્યવસાયે પત્રકાર, ગ્રામજીવનના એક સબળ નવલકથાકાર અને નવલિકાકાર હોવા સાથે સામાજિક કાર્યકર પણ હતા. અમદાવાદ લેખક મિલનના મંત્રી, અને ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી, 'સંદેશ' દૈનિકના તંત્રી અને 'આરામ'ના સંપાદક તરીકે પણ કામ કર્યું હતું. આ ઉપરાંત ઈ.સ. ૧૯૫૬ થી ૧૯૫૮ એમ ત્રણ વર્ષ સુધી ઓલ ઇન્ડિયા રેડિયોને પણ એમણે સેવા આપી હતી. તાલુકા શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે પણ તેમણે સેવા આપી.

પીતાંબર પટેલના જીવનમાં રમણભાઈ દેસાઈ, ટોલ્સટોય, ટાગોર, શરદબાબુ વગેરેનાં પુસ્તકોનો અને ગાંધીજીની લોકસેવાની ભાવનાનો વિશેષ પ્રભાવ રહ્યો છે. તેમના ગુજરાતીના પ્રાધ્યાપક રામનારાયણ વિ.પાઠક ઉપરાંત રસિકલાલ પરીખ, ઉમાશંકર જોશી, કે. કા. શાસ્ત્રી વગેરેના પ્રત્યક્ષ સંપર્કનો પણ તેમને લાભ મળ્યો હતો.

પીતાંબર પટેલે ગુજરાતીમાં વિશાળ લેખન-પ્રવૃત્તિ કરી છે. એમની વાર્તાઓ અને નવલકથાઓ હિંદીમાં અનુવાદિત થઈ છે. તેમના અભ્યાસકાળ દરમિયાન ઈ.સ. ૧૯૪૧-૪૨ના અરસામાં અમદાવાદ કોમી હુલ્લડો થતાં તેમણે થોડો સમય 'રસિયો જીવ' નામની ગ્રામજીવનની પ્રથમ નવલકથાનું સર્જન કર્યું હતું. જે ઈ.સ. ૧૯૪૨માં પ્રસિદ્ધ થઈ. ત્યારબાદ તેમની પાસેથી ગુજરાતને ગણનાપાત્ર નવલકથાઓ અને નવલિકાસંગ્રહો મળ્યાં છે.

પીતાબંર પટેલ નવલકથાકાર અને નવલિકાકાર તરીકે સુખ્યાત છે. શહેરી અને ગ્રામજીવનનાં ચિત્રો આલેખતી એમની કૃતિઓમાં જીવનમાંગલ્યની શુભ દૃષ્ટિનું દર્શન થાય છે. 'ખેતરને ખોળે' એમની સૌથી વધુ સફળ કૃતિ રહી છે. એમનું અવસાન ઈ.સ. ૧૯૭૭માં થયું.

સાહિત્ય સર્જન : (૧) 'રસિયો જીવ' (૧૯૪૨) (૨) 'પરિવર્તન' (૧૯૪૪) (૩) 'ઊગ્યું પ્રભાત' (૧૯૫૦) (૪) 'ખેતરને ખોળે' ભાગ ૧-૨ (૧૯૫૨) (૫) 'તેજરેખા' (૧૯૫૨) (૬) 'આશાભરી' (૧૯૫૪) (૭) 'અંતરનાં અજવાળાં' (૧૯૬૦) (૮) 'ચિરંતન જ્યોત : ભાગ ૧-૨ (૧૯૬૦) (૯) 'ધરતીનાં અમી' (૧૯૬૨), (૧૦) 'કેવડિયાનો કાંટો' (૧૯૬૫), (૧૧) 'ઘરનો મોભ' (૧૯૬૬) જેવી નવલકથાઓ તથા (૧) 'વગડાનાં ફૂલ' (૧૯૪૪), (૨) 'મિલાપ' (૧૯૫૦) (૩) 'શ્રદ્ધાદીપ' (૧૯૫૨), (૪) 'કલ્પના' (૧૯૫૪), (૫) 'શમણાંની રાખ' (૧૯૫૬) (૬) 'સૌભાગ્યનો શણગાર' (૧૯૬૩), (૭) 'નીલગગનમાં પંખી' (૧૯૬૪), (૮) 'રૂડા સરોવરિયાની પાળ' (૧૯૬૪), (૯) 'ઝૂલતા મિનારા' (૧૯૬૬), (૧૦) 'છૂટાછેડા', (૧૧) 'કીર્તિ અને કલદાર' (૧૨) 'રામનામની પરખ' (૧૩) 'ઘેરબેઠા ગંગા' (૧૪) 'લીંબડીની એક ડાળ મીઠી' (૧૫) 'કર લે સિંગાર' (૧૬) 'પીતાંબર પટેલનો વાર્તાવૈભવ' ભાગ ૧-૪ જેવા લોકપ્રિય વાર્તાસંગ્રહો તેમજ (૧) ભારતનાં નવાં યાત્રાધામો : પ્રવાસ

(૨) માણસાઈની વાતો : સંપાદન, (૩) મંગલવાતો (૪) સર્વોદય (૫) વીરપસલી (૬) રામના રખોપા (૭) હૈયાનાં હેત (૮) કાચો પારો વગેરે વિશિષ્ટ કૃતિઓ આપી છે.

સ્વ. પીતાબંર પટેલ ગાંધીયુગના પ્રાદેશિક સાહિત્યકારોમાં ગણનાપાત્ર નવલકથાકાર અને વાર્તાકાર છે. તેમનું જીવન ગાંધીયુગના વાતાવરણમાં ઘડાયેલું છે. તેઓ એમ. એ. સુધી ભણેલા અને સાહિત્ય સંસ્કારોથી ઘડાયેલા સાહિત્યકાર છે. એમની નવલકથાઓમાં તળપદા સંસ્કારો સભાનતાપૂર્વક ઝિલાયા છે. પીતાંબર પટેલ સાહિત્યસૃષ્ટિમાં ઉત્તર ગુજરાતની ધરતીને લઈને આવ્યા છે. એમને ઉત્તર ગુજરાતના જનજીવનનો ગાઢ અને ઉત્કટ પરિચય હતો. ઉત્તર ગુજરાત લોકજીવન એમની રગોમાં વહેતું હતું. આ રીતે એમને સમાજ સાથે જીવંત નાતો હતો. સાહિત્યકાર તરીકે એમણે ‘રસિયો જીવ’થી શરૂ કરીને અગિયાર જેટલી નવલકથાઓ આપી અને પંદર જેટલા વાર્તાસંગ્રહો આપ્યા. ઉપરાંત ‘માણસાઈની વાતો’ અને ‘મંગલ વાતો’ જેવી જીવનમાંગલ્યની વાર્તાઓ આપી. એમની નવલકથાઓમાં ‘રસિયોજીવ’, ‘ઘરનો મોભ,’ ‘પરિવર્તન’, ‘ખેતરને ખોળે’, ‘કેવડિયાનો કાંટો’ અને ‘ધરતીનાં અમી’ નોંધપાત્ર છે. પ્રાદેશિક નવલકથાકાર તરીકે તેમણે ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાની લાક્ષણિકતાઓ ‘ધરતીનાં અમી’ અને ‘ખેતરને ખોળે’માં વણી લીધી છે. ‘ધરતીનાં અમી’ એ ઉત્તર ગુજરાતના પાટણવાડિયા ઠાકરડા કોમના લોકજીવનની પ્રેમલગ્ન અને વેરની કથા છે. ‘ખેતરને ખોળ’ (ભાગ ૧-૨) એમની શ્રેષ્ઠ નવલકથા છે. આ નવલકથાઓમાં ગ્રામજીવનની તળપદી સંસ્કૃતિ સાથે શહેરી સંસ્કૃતિની પણ વાત કરાઈ છે. ગોવર્ધનરામની ‘સરસ્વતીચંદ્ર’ના ‘કલ્યાણગ્રામ’ની અને રમણલાલ દેસાઈની’ ગ્રામલક્ષ્મી’ની પરંપરાની ગ્રામોદ્ધારની આ કથા છે. ઔદ્યોગિક ક્રાંતિ અને શહેરીકરણને કારણે ભાગેલાં ગામડાંને બેઠાં કેમ કરવાં એવા ઉદ્દેશથી લખાયેલી આ નવલકથા ‘ખેતરને ખોળે’ પાટણવાડિયા કોમોના જીવનનું વાસ્તવવાદી ચિત્ર આપે છે. ગામડાનો ખેડૂતપુત્ર જયંત શહેરમાં જઈ ભણીગણીને રમણલાલના ‘ગ્રામલક્ષ્મી’ નવલકથામાંના અશ્વિનની જેમ પાછો આવે છે અને ગામને સુધારવાનો પ્રયત્ન કરે છે.

પીતાબંર પટેલની ભાષાશૈલી વિવિધ પરિબળોથી ઘડાયેલી છે. તેમને પટ્ટણી લોકબોલીનો સારો એવો મહાવરો છે. પોતે પણ ઉત્તર ગુજરાતની લોકબોલીમાં વાતો કરતા. તેમનાં વ્યાખ્યાનોમાં પણ પટ્ટણી બોલીની છાંટ આવતી હતી. એમની શૈલી સાદી, સરળ હોવા છતાં સાહિત્યિક રહ્યા કરી છે. પીતાંબર પટેલનું ગદ્ય વિગતપ્રચૂર હોય છે. નાની-મોટી વિગતોનું વાસ્તવિક વર્ણન કર્યા કરે છે. આમ તેઓ સાહજિક રીતે આવી જાય તેવા અલંકારો, રૂઢિપ્રયોગો અને કહેવતોનો ઉપયોગ કરે છે. તેમની ગામઠી બોલીની લઢણો અને લહેકાઓનો સારો એવો ખ્યાલ છે. તેથી ગ્રામીણપાત્રની ભાષામાં સહજ રીતે કહેવતો, રૂઢિપ્રયોગો ઊભરાઈ આવે છે.

કહેવતોની બાબતમાં પણ પીતાંબર પટેલ આપણી લોકજીભે રમતી એવી ગુજરાતી કહેવતોને સરળતાથી યોજી શકે છે. એટલું નહિ, જૂની ગુજરાતી કહેવતો ઉપરાંત પાછળથી આવતી એવી કેટલીક હિંદી કહેવતોનો પણ સફળ ઉપયોગ કરી જાણે છે. દા.ત.., ‘કમ ખાના ઔર ગમ ખાના, તો ઝટ કટેગા જેલખાના’, ‘કર ભલા હોગા ભલા’, ‘મિયાં બીબી રાજી, તો ક્યા કરેગા કાજી’ તો કોઈ વાર તે મૂળ હિંદી કહેવતને બદલે તેનું ગુજરાતીકરણ કરીને પણ ઉપયોગ કરે છે. જેમ કે ‘સો સો ચૂહા મારીને બિલ્લી હજ કરવા ચાલી’ એવી કહેવતો સહજ રીતે આવી જાય છે. મનઃસ્થિતિની વાત કરતાં તો કેટલીક વાર સ્વાભાવિક રીતે પ્રચલિત રૂઢિપ્રયોગોનો ઉપયોગ કરે છે. જેમ કે ‘જયંત એવો ડઘાઈ ગયો હતો કે તેના બાપાએ ‘કેમ છે ભાઈ ?’ એમ પૂછ્યું, તોય તે કંઈ બોલ્યો નહિ, તે અંદર આખો ને આખો સળગી રહ્યો હતો.’ આમ લેખકની ભાષામાં બહુ સહજતાથી ગ્રામીણ લોકબોલીના પ્રયોગો રમ્યા કરે છે. ગામડામાં ઘરડા વાતવાતમાં કહેવતો, રૂઢિપ્રયોગો અને લહેકા સાથે ગુચ્છો વેર્યા કરે છે, તેમ પીત્તાંબર પટેલ એમની નવલકથાઓમાં આવા પ્રયોગોનો ઉપયોગ અવારનવાર કર્યા કરતા હોય છે.

પીત્તાંબર પટેલ ક્યારેક રંગદર્શી બનીને પ્રકૃતિનું વર્ણન કરે છે, ત્યારે આલંકારિક સૌંદર્યાત્મક ગદ્ય નિર્માય છે. જેમ કે ‘આ ફેરે અષાઢી વરસાદ વહેલો આવ્યો હતો. વાવેતર પણ આર્દ્ર નક્ષત્રમાં થઈ ગયાં હતાં. બાજરી ગળા સુધી આવી ગઈ હતી. વાડ પર વેલા તો એવા પથરાઈ ગયા હતા કે ઘડીભર તો એમ જ લાગે કે નર્યા વેલાની તો વાડ નહિ બનાવી હોય !’ એ વેલા પરનાં પીળાં, ધોળાં-રંગરંગીલાં ફૂલ ગામને ગોંદરે રમતાં ઉપમા જેવા અલંકારો કૂદમકૂદ કરી રહેલા લાગે છે અને વર્ણનને સુંદર, જીવંત બનાવે છે.

પીતાબંર પટેલે ક્યાંક ક્યાંક પ્રતીકોની પણ રચના કરી છે. ‘રસિયોજીવ’ નવલકથામાં તેમની પ્રતીક તરીકે ‘બાજ’ પક્ષી યોજ્યું છે. ‘પરિવર્તન’ નવલકથામાં પ્રેમના ચાંચલ્યને દાખવવા માટે ‘માછલી’નું પ્રતીક યોજ્યું છે.

પીતાંબર પટેલ કાર્યકર અને સાહિત્યકાર હતા. તેમણે યુવકમંડળો અને શિબિરો દ્વારા યુવક-યુવતીઓને સુધારાની કેળવણી આપી હતી. જૂના રિવાજો તોડીને નવો ચીલો પાડવા હાકલ કરી

હતી. તેઓ ગોળપ્રથામાં માનતા નહોતા. તેમણે પોતે પણ સામાજિક રૂઢિનો સામનો કરીને લગ્ન કર્યું હતું. તેઓ એક પ્રગતિશીલ સાહિત્યકાર હતા. રાજકારણ દ્વારા સમાજની સારી સેવા થઈ શકે એવા આશયથી તેઓ ધારાસભાની ચૂંટણીમાં ઊભા હતા, પરંતુ સમાજે અને રાજકારણે શુદ્ધ બુદ્ધિના આ સમાજસેવકને દાદ આપી ન હતી. તેમણે ઉત્તર ગુજરાતના લોકનાટ્ય ભવાઈના કલાકારોનું સંગઠન ઊભું કર્યું હતું અને ‘અસાઈતના બીજા અવતાર’ જેવું બિરુદ પામ્યા હતા. સાહિત્ય મંડળોમાં એમનો નિખાલસ સ્વભાવ અને ખડખડાટ હાસ્ય પ્રશસ્ય હતાં. તેમણે અનેક શિક્ષિત યુવકોને, યુવતીઓને નોકરી અને વ્યવસાયમાં મદદ કરી હતી. અનેક કલાકારોને ઊંચે આણ્યા હતા. પત્રકારત્વમાં તેમની કલમ વેગપૂર્વક દોડતી. તેમાં પણ નવી કલમોને પ્રોત્સાહન આપ્યું હતું. તેઓ લોકપ્રિય સાહિત્યકાર અને સમાજસેવક હતા.

ગુજરાતી સાહિત્યમાં પ્રાદેશિક નવલકથા ક્ષેત્રે ત્રણ ‘પપ્પા’ નામાંકિત છે. પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર અને પીતાંબર પટેલ. પન્નાલાલે ઇડરિયા મુલકને, પેટલીકરે ખેડા જિલ્લાને, તો પીતાંબર પટેલ ઉત્તર ગુજરાતના સમાજને વાર્તાઓ અને નવલકથાઓમાં પ્રતિબિંબિત કર્યો. તેમનું સ્વપ્ન સમગ્ર સમાજના અને ખાસ કરીને પટેલ સમાજના નવઘડતરનું હતું. અને તેમણે સમાજસેવા, સાહિત્યસેવા તેમજ શિક્ષણસેવા દ્વારા તેને સાકાર કરવા સંનિષ્ઠ પ્રયત્ન કર્યો. ઉત્તર ગુજરાત એમને આ માટે સદાય યાદ કરશે.

પ્રા. બળદેવભાઈ પટેલ જણાવે છે તેમ, શ્રી પીતાંબર પટેલ સામાજિક રાજકીય કાર્યકર હતા. રાજકીય ક્ષેત્રે મહેસાણા જિલ્લા પંચાયતમાં સભ્ય તરીકે ચૂંટાયા. સને ૧૯૬૭ની વિધાનસભામાં ચૂંટણી જીતી શક્યા નહિ. લાયકાત હોવા છતાં ન જીતી શક્યા તોયે તેમના ઉત્સાહ અને કાર્યશૈલીમાં ક્યાંય ઓટ આવવા દીધી નહોતી. તેઓશ્રી પંચાયત સેવા કમિશનના સભ્ય બન્યા અને પછી અધ્યક્ષ બન્યા.

શેલાવી ગામમાં શ્રી પીતાંબરભાઈ પટેલની સરપંચ તરીકેની કારકિર્દી પ્રશંસનીય છે. બાલમંદિર, પ્રાથમિક શાળા, વાંચનાલય કેળવણીને ધ્યાનમાં રાખી વૃક્ષઉછેર, પિયત, જંતુનાશક દવાઓ, રાસાયણિક ખાતરો, સ્ત્રીકેળવણી, પાણી પુરવઠો જેવાં ગ્રામ નિર્માણનાં અનેક કાર્યો કર્યાં. તેઓશ્રી સરપંચ હતા ત્યારે પંચાયતના તમામ સભ્યો સ્નાતક કક્ષાનું શિક્ષણ પામેલા હતા. ૮૦૦થી ૯૦૦ની જનસંખ્યા ધરાવતા નાનકડા ગામમાં ઇજનેરો, અનુસ્નાતક તેમજ સ્નાતક કક્ષા સુધીનું જ્ઞાન પ્રાપ્ત કરનારની સંખ્યા નોંધનીય હતી. શ્રેષ્ઠ ગ્રામ પંચાયત જે કાર્યો કરે તે સર્વે પ્રકારના કાર્યો કરવામાં તેમની નિષ્ઠાની પૂર્ણ પ્રતીતિ જોવા મળી. ગ્રામપંચાયતો તેમના જેટલી કાર્યદક્ષતા બતાવી શકી હતી તેમણે ‘પ્રજારાજ’ સાપ્તાહિકના તંત્રી પદે સેવાઓ આપી હતી.

જૂની રંગભૂમિ તથા ભવાઈની કલાને લુપ્ત થતી અટકાવવા તેમણે સઘન પ્રયાસો કર્યા હતા.

શ્રી ઉમાશંકર જોશીના વિચારોની તેમનામાં ઘેરી છાપ પડેલી હતી. શ્રી ઈશ્વરભાઈ પેટલીકર, શ્રી પન્નાલાલ પટેલ અને શ્રી પીતાંબરભાઈ પટેલની આ ત્રિપુટીને સાહિત્ય વાંચનના શોખીનો તેમજ સમાજ ઉપયોગી પ્રવૃત્તિના જાણકારો આજે ય યાદ કરે છે.

તા. ૨૪-૦૫-૭૭ના રોજ મંગળવારે રાત્રે દસ વાગ્યે હાર્ટએટેકના લીધે તેમનું ૫૯ વર્ષની વયે અવસાન થયું. તેમના અવસાન નિમિત્તે મળેલી શોકસભામાં પ્રસિદ્ધ સાહિત્યકારો, લોકસેવકો, રાજકારણીઓ વગેરેએ સ્વર્ગસ્થને અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ આપી હતી. શ્રી પન્નાલાલ પટેલ પોતાના જિગરજાન દોસ્તને શ્રદ્ધાંજલિ આપતાં રડી પડ્યા હતા.

તા. ૨૯-૧૧-૮૧ના રોજ સ્વ. શ્રી પીતાંબરભાઈ પટેલની અર્ધપ્રતિમાની અનાવરણાવિધિ માતૃવતન શેલાવી ગામની પ્રાથમિક શાળામાં પ્રસિદ્ધ સાહિત્યકાર તેમજ તેમના વિદ્યાગુરુ શ્રી ઉમાંશકર જોશીના હસ્તે કરી હતી.



વતન સેલાવી ગામની સ્કૂલમાં મૂકાયેલ પીતાંબર પટેલની અર્ધપ્રતિમાનો ફોટો

ડૉ. સુશીલાબહેન પટેલ

દૂધ અને ગડબડ

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

સાહેબ, દૂધ પીઉં છું તો ગડબડ થાય છે !

આવું કોઈ કહે ત્યારે લૅક્ટોઝ ઈન્ટોલરન્સ નામની સ્થિતિ અંગે વિચારવું પડે છે. એની ફરિયાદ સામાન્ય પરિભાષામાં એવી હોય છે કે “દૂધ માફક નથી આવતું.”

લૅક્ટોઝ ઈન્ટોલરન્સ એ પાચનતંત્રની એક ઘણી જ કોમન સ્થિતિ છે, જેમાં શરીરને દૂધ અને મોટા ભાગનાં ડેરી ઉત્પાદનોમાં રહેલી શર્કરા, લૅક્ટોઝને પચાવવામાં મુશ્કેલી પડે છે.

આ સ્થિતિનું મુખ્ય કારણ નાનાં આંતરડાંમાં ઉત્પન્ન થતા લૅક્ટેઝ નામના એન્ઝાઈમની ઊણપ છે.

કારણો : લેક્ટોઝ કેમ પચતું નથી ?

લૅક્ટેઝ એ એક એન્ઝાઈમ છે જે લૅક્ટોઝને બે સરળ શર્કરા (ગ્લુકોઝ અને ગેલેક્ટોઝ)માં તોડી નાખે છે, જે લોહીના પ્રવાહમાં શોષાઈ શકે છે. જ્યારે પૂરતું લૅક્ટેઝ હોતું નથી, ત્યારે ન પચેલું લૅક્ટોઝ મોટાં આતરડાં (કોલોન)માં જાય છે, ત્યાં બેક્ટેરિયા તેનું આથવણ (ફર્મેન્ટેશન) કરે છે, જેના કારણે અસ્વસ્થતા કરતાં લક્ષણો પેદા થાય છે.

લૅક્ટેઝની ઊણપના મુખ્ય ત્રણ પ્રકાર છે :

પ્રાયમરી લૅક્ટોઝ ઈન્ટોલરન્સ

આ સૌથી સામાન્ય પ્રકાર છે.

જન્મ સમયે લૅક્ટેઝનું ઉત્પાદન સામાન્ય હોય છે. પંરતુ શિશુ અવસ્થા પછી ધીમે ધીમે ઘટતું જાય છે. આ વસ્તુ આનુવંશિક (જેનેટિક) રીતે નક્કી થાય છે. અને વૈશ્વિક સ્તરે લગભગ ૬૫% માનવ વસ્તીને અસર કરે છે. લક્ષણો મોટે ભાગે કિશોરાવસ્થા કે પુખ્ત વયમાં શરૂ થાય છે.

સેકન્ડરી લૅક્ટોઝ ઈન્ટોલરન્સઃ

આ સ્થિતિ નાના આંતરડામાં કોઈ બીમારી, ઈજા અથવા શસ્ત્રક્રિયાને કારણે થાય છે, જે લૅક્ટેઝ ઉત્પન્ન થતી લાઈનિંગને નુકસાન પહોંચાડે છે.

કારણો : સીલિયાક રોગ, કોહનનો રોગ, કીમોથેરાપી અથવા પેટના ગંભીર ચેપ (જેમ કે ગૅસ્ટ્રોઍન્ટેરિટિસ)

મૂળભૂત કારણની સારવાર કરવાથી ઘણીવાર લૅક્ટેઝનું સ્તર અને લૅક્ટોઝ સહનશીલતા પુનઃસ્થાપિત થઈ શકે છે.

જન્મજાત/વિકાસલક્ષી લૅક્ટોઝ ઈન્ટોલરન્સઃ

જન્મજાત : એક અત્યંત દુર્લભ આનુવંશિક વિકાર જેમાં નાનું આંતરડું જન્મથી જ ઓછું લૅક્ટેઝ ઉત્પન્ન કરે છે. કે બિલકુલ લૅક્ટેઝ ઉત્પન્ન કરતું નથી.

વિકાસલક્ષી : સમય પહેલા જન્મેલાં બાળકોમાં જોવા મળે છે કારણ કે તેમનું નાનું આંતરડું સંપૂર્ણપણે વિકસિત હોતું નથી. આ સામાન્ય રીતે એક અસ્થાયી સ્થિતિ છે.

હવે એ જોઈએ કે આ લૅક્ટોઝ ઈન્ટોલરન્સનાં લક્ષણો શું હોય છે.

લક્ષણો : લૅક્ટોઝ ધરાવતો વ્યક્તિ દૂધ કે દૂધની કોઈ બનાવટરૂપી ખોરાક કે પીણાંનું સેવન કરે એટલે ૩૦ મિનિટથી ૨ કલાકની અંદર શરૂ થાય છે. લક્ષણોની તીવ્રતા લૅક્ટોઝનાં સેવનની માત્રા અને લૅક્ટેઝની ઊણપની ડિગ્રી પર આધાર રાખે છે.

આમાં

- પેટ ફૂલવું
- ગેસ/પેટમાં વાયુ
- પેટમાં દુ:ખાવો અથવા ખેંચાણ
- ઝાડા
- ઉબકા આવવા
- જેવાં લક્ષણો થાય છે.

વ્યવસ્થાપન અને સારવાર

લૅક્ટોઝ ઈન્ટોલરન્સ સામાન્ય રીતે આહાર અને સપ્લિમેન્ટ્સ દ્વારા નિયંત્રિત કરી શકાય છે.

- આહારમાં ફેરફાર : લક્ષણોનું સંચાલન કરવાની આ પ્રાથમિક રીત છે.

- ડેરી મર્યાદિત કરો અથવા ટાળો : દરેક વ્યક્તિ માટે ડેરીની સહનશીલતાની માત્રા અલગ હોય છે. ઘણા લોકો ઓછી માત્રામાં ડેરી સહન કરી શકે છે.

- લૅક્ટોઝ-મુક્ત ઉત્પાદનો : લૅક્ટોઝ-મુક્ત દૂધ, આઈસ્ક્રીમ વગેરે તરફ વળવું. આ ઉત્પાદનોમાં પ્રક્રિયા દરમિયાન લૅક્ટેઝ એન્ઝાઈમ ઉમેરવામાં આવે છે.

- લેક્ટેઝ ઍન્ઝાઈમ સપ્લિમેન્ટ્સ : ઓવર-ધ-કાઉન્ટર ટૅબ્લેટ્સ અથવા ડ્રૉપ્સમાં લૅક્ટેઝ ઍન્ઝાઈમ હોય છે. ડેરી ઉત્પાદનોનું સેવન કરતા પહેલા આ લેવાથી શરીરને લૅક્ટોઝ પચાવવામાં મદદ મળે છે.

જે લોકોને આ પ્રૉબ્લેમ હોય તેમણે કૅલ્શિયમ અને વિટામિન ડીનું સેવન કરવું જોઈએ. ડેરી આ પોષક તત્વોનો મુખ્ય સ્રોત હોવાથી, અન્ય ખોરાક (જેમાં કે ફોર્ટિફાઇડ પ્લાન્ટ-આધારિત દૂધ, ઘેરા પાંદડાંવાળાં શાકભાજી, માછલી) અથવા સપ્લિમેન્ટ્સ દ્વારા પૂરતું સેવન સુનિશ્ચિત કરવું મહત્ત્વપૂર્ણ છે.

આ લેખમાં ખરેખર સમજવા જેવી એક મહત્વની બાબત અંગે વાત કરવી છે તેથી ઉપરનો એક પૅરેગ્રાફ ફરીથી રજૂ કરું છું.

“જન્મ સમયે લૅક્ટેઝનું ઉત્પાદન સામાન્ય હોય છે, પરંતુ શિશુ અવસ્થા પછી ધીમે ધીમે ઘટતું જાય છે. આ વસ્તુ આનુવંશિક (જેનેટિક) રીતે નક્કી થાય છે અને વૈશ્વિક સ્તરે લગભગ ૬૫% માનવ વસ્તીને અસર કરે છે.”

આ શું બતાવે છે ? કદાચ એવું જ કે દૂધ એ આપણો ખોરાક નથી, જ્યાં સુધી દૂધની જરૂર હોય છે ત્યાં સુધી દૂધ આપણી માતા પાસેથી મળી રહે છે, ત્યારબાદ શરીરને દૂધની જરૂર હોતી નથી. આવું હોવા છતાં આપણે માતાનું દૂધ બંધ થઈ ગયા પછી પણ બાળકને અન્ય પ્રાણીનું દૂધ પીવડાવ્યા કરીએ છીએ. અલબત્ત, અહીં કહેવાનો અર્થ એ નથી કે ન પીવડાવવું જોઈએ પણ આ વિષય વધુ સંશોધનને પાત્ર તો ખરો જ

દુનિયાનું માણસ સિવાયનું બીજું કોઈ પ્રાણી એવું નથી કે જે બીજાં પ્રાણીનું દૂધ પીતું હોય (એ પણ એ પ્રાણીનાં બચ્ચાનું ઝૂંટવીને). આ કારણે જ જે લોકો આ સમજે છે તેઓ વીગન બની જાય છે. અહીં એ ઉલ્લેખનીય છે કે સાચું જોવા જાઓ તો બે જ પ્રકારના મનુષ્યો હોઈ શકે, વીગન અને નોન વીગન, વેજિટેરિયન એવા કોઈ શબ્દનો અર્થ જ નથી, દૂધ કોઈ ઝાડ પર ઊગતું નથી. દૂધ પીતા હોય એ લોકોએ પોતાને વેજિટેરિયન (શાકાહારી) કહેવું એ દંભ છે. આ લેખમાં આવરી લેવાયેલી વૈજ્ઞાનિક સંશોધનથી સામે આવેલી બાબતો પણ કદાચ વીગનીઝમનું સમર્થન કરે છે એવું જણાય છે.

નેટ પર સંશોધન કરી જોજો, એમાં પ્રશ્ન નાખજો કે શું દૂધ અને એની બનાવટો લેવી કુદરતી છે, પછી જોજો કે શું જવાબ મળે છે !



- ડૉ પ્રણવ વૈદ્ય

ભાવાત્મક એકતા માટે ભાષાનીતિ ક્યારે ?

QR Code સ્કેન કરો અને લેખ સાંભળો

દરેક દેશની પોતાની રાષ્ટ્રીય ભાષા હોય છે. આપણો દેશ વિશાળ છે ને વિવિધ ભાષાઓ, વિવિધ બોલીઓ સાથે સંકળાયેલો છે, પણ દેશના વિવિધ રાજ્યોને જોડતી ને એકબીજાને જોડતી કોઈ ભાષા હોવી જોઈએ. દેશ આઝાદ થયો ત્યારે હિન્દીને રાષ્ટ્રભાષા બનાવવાની વાત હતી, કારણ કે હિન્દી બોલનારાઓની સંખ્યા સૌથી વધારે હતી ને હિન્દી સાથે કેટલાક રાજ્યોની ભાષાઓનો સંબંધ હતો. ગુજરાતી, મરાઠી, ઉર્દૂ, બંગાળી, આસામી, પંજાબી, કાશ્મીરી વગેરે માતૃભાષા ધરાવનારાઓ હિન્દીને સહેલાઈથી સમજી શકતા હતા. પણ દક્ષિણ ભારતની ચાર ભાષાઓનો હિન્દી સાથે કોઈ સીધો સંબંધ નહીં હોવાથી આ લોકોના વિરોધના લીધે હિન્દીને પડતી મુકાઈ ને ‘કેન્દ્રનો વહેવાર હિન્દી અને અંગ્રેજી બંને ભાષામાં થશે’ તેવી વાત સ્વીકારીને આપણા બંધારણમાં બે ભાષાઓને સ્થાન આપવામાં આવ્યું છે.

અંગ્રેજી ભારતની ભાષા નથી, પણ વિશ્વફલક ઉપર તેનું આગવું સ્થાન ઊભું થઈ ગયું હોવાથી અંગ્રેજીને ભાષા તરીકે સ્વીકારી લીધી છે. અંગ્રેજી રાષ્ટ્રભાષા નથી ને અંગ્રેજીને રાષ્ટ્રભાષા બનાવી શકાય જ નહીં. અંગ્રેજી તો આદાન-પ્રદાનની ભાષા છે, તો હિન્દી સંપર્કની ભાષા બનવી જોઈએ.

માતૃભાષાનું કાર્ય પ્રદેશ પૂરતું સીમિત છે, પણ જ્યારે એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં પ્રવેશ કરવો હોય કે ત્યાં રહેવું હોય કે વેપાર કરવો હોય તો ત્યાં સંપર્કની ભાષા રાષ્ટ્રભાષા હોવી જોઈએ. હજી પણ આપણે ભાષાનીતિ સ્પષ્ટ રીતે ગોઠવી શક્યા જ નથી. હિન્દી દેશમાં સંપર્કની ભાષા અનિવાર્યરૂપે બનવી જોઈએ.

ઇઝરાયલ આઝાદ થયું ત્યારે દુનિયાના વિવિધ દેશોમાંથી યહૂદીઓ ઠલવાયા હતા. જર્મની, જાપાન, યુરોપના દેશોમાંથી પોતાના વતન ઇઝરાયલમાં વસવાટ કર્યો ત્યારે તેમને ભાષાનો પ્રશ્ન જ નડ્યો. દેશની રાષ્ટ્રભાષા હોવી જ જોઈએ. અંગ્રેજી બધા થોડું ઘણું જાણતા હતા. અંગ્રેજીને રાષ્ટ્રભાષા બનાવવી જોઈએ પણ આ ખમીરવંતી પ્રજાએ પોતાની મૂળ ભાષા હિબ્રૂ જે માતૃભાષા હતી. હિબ્રૂમાં જ હજારો ગ્રંથો લખાયેલા હતા. હિબ્રૂ ભાષા સંસ્કૃતના જેવી કઠિન હતી પણ દેશની પાર્લામેન્ટે નિર્ણય કર્યો કે, ‘હિબ્રૂને જ રાષ્ટ્રભાષા બનાવો, શાળાઓમાં બાળકોને શિક્ષણ હિબ્રૂમાં જ આપો.’ પ્રશ્ન ઊભો થયો, ‘હિબ્રૂ ભણાવનારા શિક્ષકો નથી !’ પહેલા શિક્ષકો તૈયાર કર્યા ને બાળકોને હિબ્રૂમાં ફરજિયાત ભણાવવાનું શિક્ષણ શરૂ કર્યું. લોકોનો વિરોધ થયો પણ રાષ્ટ્રીય પ્રેમ અને રાષ્ટ્રીય ભાષાને વરેલા રાષ્ટ્રનેતાઓએ કોઈની વાત સ્વીકારી જ નહિ, ને બાળકોને શીખવવામાં આવ્યું કે તમારે તમારા મા-બાપને ઘરે જઈને હિબ્રૂ શીખવવાની છે, ને બાળકોએ આ કાર્ય ઉપાડી લીધું. માતા પોતાના બાળકને માતૃભાષા શીખવે પણ આ એક એવો દેશ છે કે જ્યાં બાળકોએ પોતાની માતાને માતૃભાષા શીખવી ને આજે હિબ્રૂમાં જ તમામ વ્યવહારો ચાલે છે. લોકો અંગ્રેજી જાણે છે પણ વ્યવહાર તો હિબ્રૂમાં જ ચાલે છે. હું ઇઝરાયલ ગયેલો, ત્યાંની હિબ્રૂ યુનિવર્સિટી જેરૂસલેમની મુલાકાત લીધેલી, અનેક લોકોને મળેલો ને તેઓનો ભાષા પ્રત્યેનો પ્રેમ અનહદ હતો. મેં કહેલું, “તમારો સંબંધ અમેરિકા સાથે – અંગ્રેજી બોલનારાઓ સાથે છે, તો જૂની-પુરાણી હિબ્રૂ ભાષાને રાષ્ટ્રભાષા તરીકે કેમ સ્વીકારી ?” તેઓ કહેતા, “હિબ્રૂ અમારી ભૂમિનું લોહી છે, જે લોહી અમારી નસોમાં પ્રવાહિત છે. હિબ્રૂ અમારી મા છે. કોઈ બીજી ભાષા ગમે તેટલી વિશાળ કે મોટી હોય પણ માતાનું જતન જ અમારી સમૃદ્ધિ છે.” આ લોકોને દેશ અને માતૃભાષા પ્રત્યે જે પ્રેમ છે તેવો આપણા ત્યાં છે ખરો ?

હજી પણ આપણે અંધારામાં છીએ. દેશને સર્વોચ્ચ સ્થાને પહોંચાડવા માટે સમગ્ર દેશના લોકોને જોડતી એક ભાવાત્મક ભાષા હોવી જોઈએ. આપણે આપણી માતૃભાષાને વળગી રહીએ, પણ રાષ્ટ્રની એકતા માટે રાષ્ટ્રભાષાનું સ્થાન તો હૃદયમાં હોવું જોઈએ. દેશનું ગૌરવ વધારવું હોય તો તેની પોતાની આગવી ઓળખ બનવી જોઈએ ને તે ઓળખ ભાષા દ્વારા જ બની શકે. રાજકીય નેતાઓના વિવાદ વચ્ચે પણ એવી એક લીડરશીપ જોઈએ કે જેની પાસે રાષ્ટ્રહિત જ હોય. રાષ્ટ્ર મહત્ત્વનું છે. કોઈ પણ કાયદો ઘડવો હોય ત્યારે તેમાં રાષ્ટ્રનું હિત જ સમાયેલું હોવું જોઈએ. આપણે ત્યાં પ્રાંત-પ્રાંત વચ્ચેના ઝઘડાઓમાં કોઈ પ્રાંત પોતાના સ્થાપિત હિત માટે વિરોધ કરે એટલે આપણે રાષ્ટ્રહિતની બાબત પણ બાજુમાં મૂકી દઈએ તો દેશની ભાવાત્મક એકતા બનશે ખરી ? આજે બની છે ખરી ?

દક્ષિણનાં ચાર રાજ્યો કે જ્યાં તેઓની માતૃભાષામાં વ્યવહાર ચાલે છે. તેઓની ભાષાલિપિ જ એવી છે કે આપણે

સમજી શકતા નથી. સામાન્ય માણસો નથી અંગ્રેજી જાણતા કે નથી હિન્દી. ઉત્તર ભારતથી ગયેલા લોકો ભાષાના કારણે અટવાઈ જાય છે ને દક્ષિણ ભારતના લોકો જ્યારે ઉત્તર ભારતમાં પ્રવેશ કરે છે, કે જ્યાં હિન્દીમાં બધા વ્યવહાર ચાલે છે ત્યાં તેઓ પણ મૂંઝવણમાં મૂકાઈ જાય છે. આઝાદીના આટલા વર્ષે પણ જો આવી પરિસ્થિતિ હોય તો દેશની ભાવાત્મક એકતા સિદ્ધ કરવી મુશ્કેલ છે.

બાળકને કઈ ભાષામાં શિક્ષણ આપવું ? હવે આ ચિંતાનો વિષય બન્યો છે. સામાન્ય રીતે માતૃભાષામાં ભણવાનો બાળકનો જન્મસિદ્ધ અધિકાર છે, પણ મા-બાપ પોતાની માતૃભાષાને બાજુમાં મૂકીને અંગ્રેજી માધ્યમની શાળામાં બાળકને ભણાવે છે ને અંગ્રેજી માધ્યમની શાળાઓ માતૃભાષાની જગ્યાએ હિન્દીનો ઉપયોગ કરીને અંગ્રેજી શીખવાડે છે. બાળકના કુમળા માનસ ઉપર આની જે અસર ઊભી થાય છે તેની કલ્પના કરવી મુશ્કેલ છે.

માતૃભાષાની સાથે સાથે આપણે અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત ભાષા શીખવીએ છીએ. જ્યારે બીજા રાજ્યોમાં હિન્દી-સંસ્કૃતનું કોઈ મહત્ત્વ નથી. દેશની એકતા માટે ને એક રાજ્યના બીજા રાજ્ય સાથેના સંબંધોમાં તાદાત્મયતા જળવાય તે માટે એક એવી ભાષા હોવી જોઈએ કે જેનાથી દેશમાં રહેવાની, જીવવાની, જાણવાની મઝા આવે. ઉત્તર ભારતની ચાર ભાષાઓમાંથી એક ભાષા ભારતના બીજા ભાગોમાં ભણાવવી ફરજિયાત બનાવવી જોઈએ, ને દક્ષિણના ચાર રાજ્યોમાં હિન્દી સાથે ભારતની બીજી કોઈ ભાષા શીખવવી જોઈએ. આપણે જો દક્ષિણની કોઈ ભાષા જાણીશું તો દક્ષિણના લોકો સાથે આત્મીયતાનો અનુભવ કરી શકીશું. પ્રાથમિક શાળાઓમાં આ પ્રકારની ભાષાનીતિ ઘડવી જોઈએ.


અમેરિકા જેવા શિક્ષિત દેશમાં અંગ્રેજીની સાથે સ્પેનિશ તેમજ પરદેશની કોઈ એક ભાષા ફ્રેન્ચ, જર્મની પણ શીખવવામાં આવે છે, ને ગ્રેજ્યુએટ થતાં પહેલાં દુનિયાના બીજા દેશોમાં જવું ને ત્યાંની ભાષા શીખવી ફરજિયાત છે. આ રીતે વિશ્વના બીજા દેશો સાથે સંપર્ક રાખવા માટે જે-તે દેશની ભાષા શીખવી જરૂરી છે.

રશિયા, જાપાન, ચીન, જર્મની, ફ્રાન્સ તેમજ દુનિયાના ઘણા બધા દેશો એવા છે કે જેઓ પાસે પોતાની ભાષા છે. અન્ય દેશોની ભાષાને તેઓ સ્વીકારતા નથી કે મહત્ત્વ આપતા નથી. આ દેશોએ અસાધારણ પ્રગતિ કરી છે, એમાં પોતાની રાષ્ટ્રભાષા જ મહત્ત્વની છે. આપણને તો અંગ્રેજીએ ગુલામ બનાવી દીધા છે, અંગ્રેજી સિવાય કશું દેખાતું જ નથી. અંગ્રેજી જાણવી જોઈએ પણ માત્ર આદાન-પ્રદાનના સાધન તરીકે, માતૃભાષા કે રાષ્ટ્રભાષાથી વિશેષ મહત્ત્વ તેને અપાય જ નહીં.

સંસ્કૃત આપણી વૈદિક ભાષા છે ને ભારતીય ભાષાઓની એ માતા છે. સંસ્કૃતમાંથી આપણી ભાષાઓ ઉતરી આવી છે. આપણો સાંસ્કૃતિક વારસો સંસ્કૃત ભાષામાં સંગ્રહાયેલો છે. જેથી સંસ્કૃત ભણવું અનિવાર્ય હોવું જોઈએ. સંસ્કૃત નહીં આવડે કે સંસ્કૃત શીખવવામાં નહીં આવે તો આપણા બાળકોમાં સંસ્કારનું સિંચન થશે નહીં. અત્યારે થોડું ઘણું સંસ્કૃત શીખવવામાં આવે છે. ધોરણ-૧૦માં પહેલાં સંસ્કૃત ફરજિયાત હતું પણ આજે બીજી ભાષાના બદલામાં મૂકી દીધું છે, જેના લીધે સંસ્કૃત ફરજિયાત નથી. આપણે જો અંગ્રેજીને ફરજિયાત બનાવી દીધી હોય તો સંસ્કૃતને ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં ફરજિયાત બનાવવી જોઈએ. કૉલેજ કક્ષાએ આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સમાં સંસ્કૃતને એક વિષય તરીકે રાખવો જરૂરી છે. આ સંસ્કાર-સિંચનની ભાષા છે. વિદ્યાર્થીઓ સંસ્કૃત સમજશે તો ભારતીય પ્રાચીન ગ્રંથો તરફ નજર દોડાવી શકશે. સંસ્કૃત સાહિત્યમાં ને સંસ્કૃતના ગ્રંથોમાં જે જ્ઞાન પડ્યું છે તે આજના વિજ્ઞાન પાસે પણ નથી. વિશ્વમાં અત્યાર સુધી થયેલી વૈજ્ઞાનિક શોધોના પુરાવાઓ સંસ્કૃત સાહિત્યમાં છે. આરોગ્ય, જ્યોતિષ, તંત્ર-મંત્રનું વિજ્ઞાન, આધ્યાત્મિક સાત્વિક માર્ગદર્શન માટે સંસ્કૃત પાસે જવું પડે. જીવન જીવવાનો સાચો – સાત્વિક માર્ગ સંસ્કૃતના ગ્રંથોમાં છે. વેદો, પુરાણો, ઉપનિષદો, ભગવદ્ ગીતા, રામાયણ-મહાભારત; આ સિવાય હજારો મૂલ્યવાન ગ્રંથો સંસ્કૃત ભાષામાં હોય ને જેને આપણે ભારતીય સંસ્કૃતિનું મૂળ સમજતાં હોઈએ તેવી દૈવીભાષા સંસ્કૃત ન ભણીએ કે ન ભણાવીએ તો પોતાનો કે દેશનો વિકાસ જ અશક્ય બને. દેશની ભાષાનીતિમાં જેટલું અંગ્રેજીને મહત્ત્વ આપીએ છીએ તેનાથી સવિશેષ મહત્ત્વ સંસ્કૃતને આપવું જોઈએ. ગુજરાત સરકારે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં સંસ્કૃતને ફરજિયાત વિષય બનાવવો જોઈએ. લાંબાગાળે આનો મોટો ફાયદો થશે.

હવે આપણી ભાષાનીતિ સ્પષ્ટ થવી જોઈએ. શિક્ષણ માત્ર માતૃભાષામાં, માતૃભાષા દ્વારા અંગ્રેજી શીખવવી જોઈએ. શિક્ષણનું માધ્યમ માતૃભાષા જ. અંગ્રેજી માધ્યમમાં એ જ બાળક પ્રવેશ મેળવી શકે જેના માતા-પિતાની માતૃભાષા અંગ્રેજી હોય, અન્યથા પ્રવેશ આપવો જોઈએ નહીં. સરકાર દિન-પ્રતિદિન અંગ્રેજી માધ્યમની શાળાઓ ખોલવાની પરવાનગી આપીને બાળકોનું નૈતિક બળ તોડી રહી છે. આના લીધે ઘણા બધા સામાજિક પ્રશ્નો ઊભા થાય છે, થઈ રહ્યા છે. અંગ્રેજી માધ્યમની શાળાઓએ ધોરણ-૧માં ગુજરાતી શીખવવું ને તેની સાથે અંગ્રેજી શીખવવું જોઈએ. આજે તો બાળકને નથી આવડતું અંગ્રેજી કે નથી આવડતું ગુજરાતી. બંને ભાષાઓના ઊંડાણમાં જઈ શકતો નથી. જેથી મારું સ્પષ્ટ માનવું છે કે સમગ્ર દેશની ભાષાનીતિ નક્કી થવી જોઈએ. જેથી બાળકોમાં રાષ્ટ્રભાવના જન્મે ને દેશની ભાવાત્મક એકતા જળવાઈ રહે.

ઉમિયાજ્યોત સાંભળવા



ડૉ. મફતભાઈ પટેલ

વાંચી શકાય તેમજ સાંભળી શકાય તેવું પ્રથમ નવીન ગુજરાતી મેગેઝીન : “ઉમિયા જ્યોત”

નીચેની પદ્ધતિએ સાંભળી શકશો.

હવે ‘ઉમિયા જ્યોત’ વાંચો નહીં, સાંભળો!

શું તમે આ કાળા ચોરસનો જાદુ જાણો છો?



મિત્રો, તમે અત્યારે જે મેગેઝિન હાથમાં પકડ્યું છે, તે કોઈ સામાન્ય ચોપડી નથી. આ એક ‘બોલતું મેગેઝિન’ છે!

કોના માટે છે આ સુવિધા?



ઘણા વડીલોને વાંચવામાં તકલીફ પડતી હોય છે.



ગૃહિણીઓને કામ કરતા કરતા લેખ જાણવાની ઈચ્છા હોય છે.

હવે ચિંતા કરવાની જરૂર નથી.

કાગળ પર છુપાયેલી ટેકનોલોજી




‘ઉમિયા જ્યોત’ના દરેક પેજ પર એક ટેકનોલોજી છુપાયેલી છે. દરેક પેજના ખૂણામાં એક QR કોડ (કાળું ચોરસ બોક્સ) આપેલો છે.

જેની મદદથી તમે આંખો બંધ કરીને પણ આખો લેખ સાંભળી શકો છો.


તમારે શું કરવાનું છે?

બસ, તમારા મોબાઈલનો ઉપયોગ કરો.
આવો, ૪ સરળ સ્ટેપ (પગથિયાં) સમજીએ.



Step 1

કેમેરા આઈકોન શોધો



Step 1

તમારા મોબાઈલની સ્ક્રીન પર Google સર્ચ બાર જુઓ. તેમાં રહેલા નાના કેમેરા જેવા નિશાન પર ક્લિક કરો.

Step 2

QR કોડ સ્કેન કરો

હવે મેગેઝિનના પેજ પર આપેલા કાળા ચોરસ (QR કોડ) સામે તમારો કેમેરો ધરો. જાણે તમે ફોટો પાડી રહ્યા હોવ તેમ ફોન સ્થિર રાખો.



Step 3

લિંક પર ક્લિક કરો

કોડ સ્કેન થતા જ સ્ક્રીન પર એક લિંક (નાનું એડ્રેસ) દેખાશે. તમારી આંગળી વડે તેના પર ટચ કરો.



Step 4

મેગેઝિન બોલવા લાગશે!

બસ! હવે વિડિયો શરૂ થશે. તમે ફોન બાજુ પર મૂકીને આખો લેખ શાંતિથી સાંભળી શકો છો.



યાદ રાખો - ૪ સરળ સ્ટેપ





ઉમિયા જ્યોત સાંભળવા

આજે જ પ્રયત્ન કરો!

આ પેજ પર આપેલા કોડ સાથે જ શરૂઆત કરો.

ઈશ્વરની મદદ

પ્રાર્થના સમયે ધર્મપ્રવચન આપવાની ખ્રિસ્તી ધર્મમાં પ્રથા છે, આવું પ્રવચન દેવળના પાદરી અગાઉથી તૈયાર કરે છે. દેવળમાં બેસી એક પાદરી પ્રવચન લખી રહ્યા હતા. એવામાં તેમણે ધડાકાનો મોટો અવાજ સાંભળ્યો. પાદરી ચોંકી ઊઠ્યા. તેમણે બારી પાસે જઈ બહાર નજર કરી. એમણે જોયું કે નદી પર બાંધવામાં આવેલો બંધ તૂટ્યો હતો.

પાદરીએ જોયું કે બંધ તૂટવાને કારણે નદીના પૂરનું પાણી ધસમસાટ ગામ તરફ આવી રહ્યું હતું. પૂર એવું ભારે હતું કે થોડી જ વારમાં ગામ ઉપર પાણી ફરી વળે એવું લાગતું હતું. લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. પાદરીને પણ સહેજ ભય તો લાગ્યો, પણ બીજી ક્ષણે એમના પોતાના હોદ્દાનો અને પોતાના કામનો ખ્યાલ આવ્યો. તેમણે માન્યું કે પોતે દેવળમાં છે, ધર્મગુરુ છે અને વળી ધર્મપ્રવચન લખી રહ્યા છે તેથી ઈશ્વર તેમને ઊની આંચ પણ નહીં આવવા દે.

ગામ જળબંબાકાર થઈ ગયું... ઘણા બધા લોકો તો નાસી છૂટ્યા હતા. બીજા કેટલાક બચવા માટે હોડીમાં બેસી ભાગતા હતા. પાણી દેવળ આસપાસ પણ ફરી વળ્યું. પાણી વધીને છેક દેવળની બારી પાસે પહોંચ્યું. પાદરી ઊભા ઊભા બધું જોઈ રહ્યા હતા. ત્યાં એક હોડી પસાર થઈ. તેમાં બેઠેલા લોકોએ પાદરીને કહ્યું, ‘હોડીમાં બેસી જાઓ.’

પાદરીએ શાંતિથી જવાબ આપ્યો, ‘મારે બેસવાની જરૂર નથી. મને વિશ્વાસ છે કે ઈશ્વર મને બચાવશે.’ હોડી તો વહેતી થઈ. પાણી ચડતું જ ગયું. પાદરી દેવળની અગાસીએ ચડી ગયા. એટલી વારમાં બીજી હોડી પસાર થઈ. તેમાં બેઠેલા લોકોએ પણ પાદરીને હોડીમાં આવી જવા વિનંતી કરી. પાદરીએ ફરી ના પાડી.

પાણી વધતું ચાલ્યું. પાદરી છેક દેવળની ટોચ પર ચડી ગયા. પાણી તેમના ઘૂંટણ સુધી આવી ગયું. પાદરીને બચાવવા એક ખાસ મોટરબોટ મોકલવામાં આવી. મોટરબોટના ઑફિસરે પાદરીને મોટરબોટમાં આવી જવા કહ્યું. પણ પાદરીએ ફરી ના પાડી. પરિણામ એ આવ્યું કે પાદરી ડૂબી ગયા.

પાદરી સ્વર્ગમાં પહોંચ્યા. તેમણે ઈશ્વરને ફરિયાદ કરી. ‘મેં તમારામાં વિશ્વાસ રાખ્યો હતો. તમે મને કેમ ન બચાવ્યો?’ ઈશ્વરે જવાબ આપ્યો, ‘મેં તને બચાવવા ત્રણ ત્રણ હોડી તો મોકલી હતી !’

મનુષ્યને બચાવવા ઈશ્વર તક આપે છે. તે તકનો ઉપયોગ કરવો જોઈએ. હાથ જોડીને બેસી રહીએ તો ઈશ્વરે મોકલેલી મદદ પણ કામ ન આવે.

(પાંદડે પાંદડે જ્યોતિ માંથી)

વિભાગ : ૮ ઉમિયા દ્વારેથી ...



શ્રી ઈશ્વરભાઈ એ. પટેલ

ઉચ્ચ શિક્ષણ સહાય નિધિ

પ્રથમ વખત લોન લેવા ઈચ્છનાર વિદ્યાર્થીઓએ છેલ્લી પરીક્ષામાં 60 ટકા કે તેથી વધુ મેળવનાર તેમજ કુટુંબની વાર્ષિક આવક રૂા. 2,50,000/- થી ઓછી હોય તેવા વિદ્યાર્થીઓએ તા. 01-08-2026થી તા. 31-12-2026 સુધીમાં વેબસાઈટ www.maaumiya.org પરથી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. નીચે દર્શાવેલ અભ્યાસક્રમમાં લોન આપવામાં આવે છે.

(1) M.B.B.S. (2) B.D.S (3) Physiotherapy (4) B.V.Sc & A.H (5) M.V.Sc. & A.H. (6) B.Sc.Nursing (7) B.A.M.S. (8) B.H.M.S. (9) B.Pharm (10) M.Pharm (11) B.E.Degree (12) M.B.A. (13) M.C.A. (14) M.Sc.IT. (15) Architecture (16) Hotel & Tourisam Mangement (17) Fine Arts (18) B.Sc. Agriculture (19) Diploma to Degree (D to D)

ફોર્મમાં જણાવેલ વિગતો સાથે ઑનલાઈન ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ તા. 31-12-2026 સુધીની છે. ફેબ્રુઆરી માસમાં લોન આપવામાં આવે છે. આ સંસ્થા તરફથી લોનના નિયમો પ્રમાણે તમે અરજી કરશો ત્યાં સુધી લોન આપવામાં આવશે, છેલ્લી લોન લીધા તારીખથી બે જ વર્ષમાં, બે કે ત્રણ હપ્તાથી વગર વ્યાજે પરત કરવાની રહેશે. લીધેલી લોન સમયસર ભરપાઈ કરવાથી સંસ્થાન નવિન લોન માટે આવેલી અરજીઓવાળા વિદ્યાર્થીઓને સંતોષકારક લોન આપી શકે. આ બાબતે જરૂરી જણાય તો આપ સંસ્થાના મોબાઈલ નં. 8511016000 ઉપર સંપર્ક કરી શકો છો.

મા ઉમિયાધામ કેમ્પસ સોલા-અમદાવાદ ખાતે કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહના વરદહસ્તેકુમાર અને કન્યા છાત્રાલયનું લોકાર્પણ કરાયું.

અમદાવાદ શહેરમાં સોલા ખાતે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા સંચાલિત મા ઉમિયાધામ કેમ્પસમાં જે.એસ. પટેલ (આજોલ-માણસા) કુમાર છાત્રાલય અને તપસ્વી અરવિંદભાઈ પટેલ (લણવા) કન્યા છાત્રાલય માટેની હોસ્ટેલનું લોકાર્પણ તા. 28-05-26ના રોજ કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહના હસ્તે કરવામાં આવ્યું. કુમાર-કન્યા છાત્રાલયના નામકરણ દાતાશ્રી જે. એસ. પટેલ અને અરવિંદભાઈ તથા UCDC નામકરણના દાતાશ્રી પ્રતાપભાઈ બુલાખીદાસ તેમજ મા ઉમિયાધામ સોલાના પ્રૉજેક્ટમાં રૂપિયા ૫ (પાંચ) કરોડ આપનાર દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેબીનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ, સાંસદશ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા અને પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલ પણ ઉપસ્થિત હતા. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે શહેરના હાર્દ સમા આ વિસ્તારમાં 1600 કન્યા અને કુમાર વિદ્યાર્થીઓના શિક્ષણ માટેની આ આધુનિક વ્યવસ્થાઓ ઊભી કરવા માટે પાટીદાર સમાજને શુભકામનાઓ પાઠવી. પાટીદારોએ પોતાના સમાજમાં જે પરિવર્તન કર્યું છે તે નોંધપાત્ર છે. ગુજરાતના પાટીદાર સમાજે જે પ્રગતિ કરી છે એનો ક્યાંય જોટો નથી. એવું તેમણે ઉમેર્યું હતું.

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ પાટીદાર સમાજ વિશે જણાવ્યું હતું કે. આ સમાજ દેશ સેવામાં હંમેશાં યોગદાન આપવાવાળો સમાજ છે. આ સમાજે દરેક ક્ષેત્રે રાષ્ટ્ર નિર્માણમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. જે દેશના વિકાસ માટે મહામોલ છે. એવું તેમણે ઉમેર્યું હતું. સંસ્થાના ટ્રસ્ટી સી.કે.પટેલ જણાવ્યું કે વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે 2 બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, 13 માળ ધરાવતી આધુનિક બોયઝ એન્ડ ગર્લ્સ હોસ્ટેલ બિલ્ડીંગ નિર્માણ થયું. જેનું બાંધકામ 4,33,914 ચોરસ ફૂટ, જ્યારે કુલ રૂમ (ગર્લ્સ-208 બોઈઝ-192) કુલ 400 રૂમમાં 1600 વિદ્યાર્થીઓ રહી શકશે. આ ઉપરાંત UPSC, GPSC તથા અન્ય સ્પર્ધાત્મક પરીક્ષા જેવી તૈયારી માટે ઉમિયા કેરિયર

ડેવલમેન્ટ કાઉન્સિલ (UCDC) કાર્યરત રહેશે. સામાજિક પ્રસંગો માટે ઉમિયા પાર્ટી પ્લોટ 40,000 ચોરસ ફૂટ હરિયાળો પાર્ક, વિશાળ પાર્કિંગ વ્યવસ્થા તેમજ વર-કન્યા માટે એ.સી.રૂમ, મોટું કિચન અને સ્ટોરરૂમ સાથે સુસજ્જ વ્યવસ્થા કરેલ છે.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાનમાં શ્રદ્ધા, શિક્ષણ, અને સામાજિક સુવિધાની ત્રિવેણી સંગમ. એ સમાજના ઉત્કર્ષ અને સુવિધાઓ માટે ભવ્ય ઉમિયા માતાજી મંદિર, આધુનિક બોઈઝ એન્ડ ગર્લ્સ હૉસ્ટેલ બિલ્ડીંગ અને સુવિધાસભર ઉમિયા પાર્ટી પ્લોટ સાથેના પ્રૉજેક્ટ અંગે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના પ્રમુખશ્રી બાબુભાઈ પટેલે કહ્યું કે સોલા વિસ્તારમાં આકાર લઈ રહેલુ મા ઉમિયા માતાજીનું મંદિર સ્થાપત્ય કલાનો અદ્‌ભુત નમૂના સમાન નાગર શૈલીમાં બની રહ્યું છે. આ મંદિરના નિર્માણમાં લોખંડ તેમજ સિમેન્ટનો ઉપયોગ કરવામાં આવેલ નથી એના સ્થાનો ચૂનાથી મંદિર બની રહ્યું છે. અંદાજે બે લાખ ઘનફૂટ બંસી પહાડપુરના ગુલાબી પથ્થરોનો મંદિરના બાંધકામમાં ઉપયોગ થઈ રહ્યો છે. અંદાજે 67 કરોડ રૂપિયાના ખર્ચે આ મંદિર બની રહ્યું છે. જેનું બાંધકામ 2028 સુધીમાં પૂરું થઈ જશે, આ મંદિર એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યું છે કે રસ્તા પરથી પસાર થતી વ્યક્તિ પણ મંદિરમાં માતાજીનાં દર્શન કરી શકશે.

આ પ્રસંગે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના પ્રમુખશ્રી બાબુભાઈ જે પટેલ, ઉપપ્રમુખશ્રી રમેશભાઈ દૂધવાળા, સંસ્થાના માનદ્‌મંત્રીશ્રી જયંતિભાઈ પટેલ, સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, ટ્રસ્ટી સી.કે.પટેલ. ઉમિયાધામ કેમ્પસ સોલાના ચેરમેનશ્રી પી.સી.પટેલ, વાઈસ ચેરમેનશ્રી પ્રવિણભાઈ પટેલ (ઘાટલોડિયા), કો. ઓર્ડિનેટર સુરેશભાઈ પટેલ (મુખી), મા ઉમિયાધામ સોલા બાંધકામ કમિટીના પ્રૉજેક્ટ ચેરમેનશ્રી આઈ.સી.પટેલ, કારોબારી સભ્યશ્રીઓ, સંગઠનની બહેનો, અનેક ભાવિક ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

તેલંગણાથી ૧૩૫૦ કિ.મીની પદયાત્રા કરી ઉમિયાધામ, ઊંઝા પહોંચ્યા :

તેલંગણા રાજ્યના હૈદરાબાદ જિલ્લામાં આવેલા મેડચલ ઉમિયાધામ પૂર્ણ શ્રદ્ધા અને આસ્થા સાથે જગતજનની મા ઉમિયાની પૂજા. અર્ચના, સાધના અને સેવામાં લીન રહેતા પૂજારી પવનજી મહારાજ પર, માની અસીમ કૃપા ઉતરી છે. મૂળ રાજસ્થાનના કાંકરેજના વતની અને હાલ મેડચલ જિલ્લો હૈદરાબાદના ઉમિયાધામમાં પૂજારી તરીકે સેવા આપતા આ પરમ ભક્તને ઊંઝા નિજ મંદિરમાં બિરાજમાન મા ઉમિયાએ સ્વપ્નમાં દર્શન આપ્યાં હતાં. માના આ દિવ્ય સ્વપ્ન દર્શનથી પ્રેરિત થઈને પૂજારીએ પદયાત્રા કરીને ઊંઝા મા ઉમિયાના ધામ પહોંચવાનો કઠીન સંકલ્પ કર્યો.

કાળઝાળ ઉનાળાની આકરી ગરમીની પરવા કર્યા વિના હાથમાં મા ઉમિયાની પવિત્ર ધજા અને હૃદયમાં દૃઢ સંકલ્પ લઈને તેમણે 02-05-2026ના રોજ આ ભક્તિમય યાત્રાનો પ્રારંભ કર્યો હતો. સતત એક મહિનાથી વધુ સમય સુધી અવિરત ચાલીને અંદાજે 1350 કિલોમીટર અંતર કાપીને તેઓ 6 જૂન 2026ના રોજ ઊંઝા શ્રી ઉમિયા માતાજી મંદિર આવી પહોંચ્યા. તેમણે જગતજનની મા ઉમિયાના પ્રત્યક્ષ દર્શન કરી ભાવવિભોર થયા હતા. આ પ્રસંગે શ્રીઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના માનદ્‌મંત્રીશ્રી જયંતિભાઈ પટેલ, સહમંત્રીશ્રી વસંતભાઈ ચોક્સી તેમજ ખજાનચી પ્રવિણભાઈ અને હસમુખભાઈ દ્વારા પૂજારી પવનજી મહારાજનું સ્વાગત કર્યું હતું.

શ્રીઉમિયા મહિલા સત્સંગ મંડળ કિટ વિતરણ સમારોહ

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા સંચાલિત શ્રીઉમિયા મહિલા સત્સંગ મંડળ દ્વારા ઊંઝા ખાતે તા. 09-06-2026ના રોજ મહેસાણા તાલુકાનો કિટ વિતરણ કાર્યક્રમ શ્રીઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના માનદ્‌મંત્રીશ્રી જયંતિભાઈ પટેલ અને હોદ્દેદારશ્રીઓ અને મહિલા સંગઠનની બહેનો દ્વારા ઉમેશ્વર હોલ ઊંઝામાં કરવામાં આવ્યો. સત્સંગ મંડળીને માતાજીનો ફોટો, કંકુપડો, ભજનાવલી, સાહિત્યની કિટ આપવામાં આવી. મહિલા સંગઠન ચેરમેનશ્રી ડૉ. જાગૃતિબેન પટેલના માર્ગદર્શન હેઠળ સંગઠનની બહેનો દ્વારા સત્સંગ મંડળને કિટ વિતરણ કાર્યક્રમનું સુંદર આયોજન કર્યું.

સંકલ્પથી સિદ્ધિ તરફ પહોંચવામાં બહેનોમાં અભૂતપૂર્વ ઉત્સાહ વર્તાઈ રહ્યો છે. રજીસ્ટર થયેલ સત્સંગ મંડળને માતાજીનો ફોટો, ભજનાવલી, ચૂંદડી, કંકુપડો, મંત્રલેખન બુક અને અન્ય ધાર્મિક સાહિત્યની કિટ આપવામાં આવે છે. આ બધા મંડળોમાં ઓછામાં ઓછા 20 સભ્યો હોવા જોઈએ. મંદિરમાં અથવા કોઈ પણ જાહેર જગ્યા કે માલિકીની જગ્યામાં અઠવાડિયે પખવાડિયે ભેગા મળી સત્સંગ ભજન કીર્તન કરી શકાય. સારા-માઠા પ્રસંગોએ ગામમાંથી કોઈનું આમંત્રણ મળે ત્યાં જઈ શકાય. આમ, સમાજમાં સત્સંગ, ભક્તિ અને સંસ્કારનું સિંચન થાય છે.

“આપ સૌના ઉપર મા ઉમાના આશીર્વાદ સદૈવ ઉતરતા રહે એ જ પ્રાર્થના”

વિભાગ - ૯ જૂન - ૨૦૨૬ માસની દાન સંહિતા

દાતાશ્રીઓ ઉપર ઉમિયા માતાજીના આશીર્વાદ સદાય વરસતા રહો



શ્રી જયંતિભાઈ પટેલ

દાન સંહિતા

દાતાનું નામ	ગામ	રકમ રૂ.
કે.એસ.પટેલ	વડોદરા	૧૧,૧૫૧.૦૦
રતિલાલ પ્રેમજીભાઈ રવાણી	હેદરાબાદ	૧૧,૦૦૦.૦૦
ભાગ્યલક્ષ્મી મિનરલ ઈન્ડસ્ટ્રીઝ	લોકાપુર	૧૫,૦૦૦.૦૦
ભરતકુમાર બાબુભાઈ પટેલ	જગુદણ	૧૦,૦૦૦.૦૦
હયાંશ એ પટેલ	અમદાવાદ	૧૦,૦૦૦.૦૦
ડાહીબેન પટેલ	ખણુંસા	૧૧,૦૦૦.૦૦
શ્રી ક્રિષ્ના ગ્રુપ	મુંબઈ	૧૧,૦૦૦.૦૦
જીનેશ પટેલ	મુંબઈ	૧૧,૦૦૦.૦૦
પટેલ કલ્પેશકુમાર અમૃતભાઈ	સુણોક	૧૦,૬૦૦.૦૦
મુકેશભાઈ પટેલ	નાગપુર	૫૩,૦૦૦.૦૦
ડાયાલાલા ભાણજી ઉકાણી	મુન્દ્રા	૧,૦૧,૦૦૦.૦૦
યમુના ઈન્ફ્રા પ્રોજેક્ટ એલએલપી	મુંબઈ	૧૧,૦૦૦.૦૦
સુખદેવભાઈ નાથુભાઈ પટેલ	પાલગામ	૨૫,૦૦૧.૦૦
પટેલ સ્વીચ ગેર	રાયપુર	૧૧,૦૦૦.૦૦
રાકેશભાઈ ગોપાલભાઈ પટેલ	બોકરવાડા	૧૧,૦૦૦.૦૦
વિજયભાઈ વેગડ	સુરત	૨૧,૧૧૧.૦૦
ઉમિયા ડેરી	અમદાવાદ	૧૧,૧૧૧.૦૦
કોકિલાબેન વિષ્ણુભાઈ પટેલ	કડી	૧૧,૦૦૦.૦૦
સ્કેનકોડ ઓટો આઈડી ટેક્નોલોજી પ્રા.લી.	વાપી	૧૧,૧૧૧.૦૦

સોના રૂપાના દાગીના (વસ્તુ)

પટેલ જનકકુમાર સુરેશભાઈ	અમદાવાદ	૧,૦૬,૭૬૦.૦૦

અખંડ ઘી ના દીવા ભેટ

મહેંદી તુલસીદાસ નાકરાણી	મુંબઈ	૯૮૦૦.૦૦

ઉમિયા શરણમ્ મંત્ર બુક દાતા

જીવીબેન શામજીભાઈ પોકાર	મુંબઈ	૧૦,૧૦૦.૦૦
સ્વ. મણીભાઈ અંબાલાલ પટેલ	નવા-કોબા	૧૧,૦૦૦.૦૦

(૧૨ વર્ષ માટે)

કાયમી પ્રસાદ ફંડ	કુલ વ્યક્તિ-૨	૧૦,૨૦૦.૦૦
કાયમી સદાવ્રત ફંડ	કુલ વ્યક્તિ - ૧	૧૦,૨૦૦.૦૦
કાયમી થાળ ફંડ	કુલ વ્યક્તિ-૬	૩૦,૬૦૦.૦૦

શ્રી કાયમી હવન ફંડ (૧૨ વર્ષ માટે)

નીમીષાબેન, રાજ, ક્રિષ્ણા પટેલ	ઉભેળ	૩૧,૦૦૦.૦૦

શિક્ષણસહાય નિધિ કોર્પસ ફંડ

દેવી વ્યક્તી	પૂના	૩૧,૦૦૦.૦૦

જૂન-૨૦૨૬ માસમાં ભાવિક દાતાશ્રીઓએ કુલ ૫૩૮ સાડીઓની માતાજીને ભેટ ઓઢાડી માની કૃપા મેળવી.

શ્રી ઉમિયા મંદિર, ઊંઝામાં 'કાયમી લગ્નોત્સવ યોજના' અંતર્ગત જૂન - ૨૦૨૬ માસમાં ૬ લગ્ન + ૩ ફુલહાર લગ્ન કુલ - ૯ લગ્ન થયાં.

ધન્યવાદ





ઉમિયાજ્યોતના લવાજમના નાણાં રોકડા તેમજ ઓનલાઈન બેંન્કીગથી પણ સ્વીકારવામાં આવે છે.

ખાતાનું નામ : કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
બેન્ક : ઈન્ડીયન ઓવરસીઝ બેન્ક, સોલા બ્રાન્ચ, અમદાવાદ
એકાઉન્ટ નં. : ૦૪૪૭૦૨૦૦૦૦૦૦૬૮૦
IFSC : IOBA0000447
ઓનલાઈન પેમેન્ટ કર્યા બાદ (મો) ૬૩૫૪૫૩૬૪૩૬
ઉપર જાણ કરવી અને પેમેન્ટનો સ્ક્રીનશૉટ મોકલવો.

લવાજમ રૂા. ૨૦૦૦ (૫ વર્ષ માટે)
લવાજમ રૂા. ૩૦૦૦ (૧૦ વર્ષ માટે) **સ્વીકારવામાં આવે છે.**

ઉમિયા જ્યોતના નવા સભ્યશ્રીઓ
જૂન -૨૦૨૬

લવાજમ રૂા. ૩૦૦૦ સ્વીકારવામાં આવે છે. (૧૦ વર્ષ માટે)

રુદ્રિક વિપુલ પટેલ	અમદાવાદ
નીલકુમાર રાજેશભાઈ પટેલ	મહેસાણા
પટેલ ભાવીકકુમાર જયંતીલાલ	મહેસાણા
નરેશકુમાર કાન્તિલાલ પટેલ	મહેસાણા
કિરીટભાઈ નારાયણભાઈ પટેલ	સાબરકાંઠા
પટેલ રોહિતભાઈ જોઈતારામ	મહેસાણા
ઈન્દ્રવદન બાબુલાલ પટેલ	બનાસકાંઠા
દિલીપકુમાર ભાઈચંદભાઈ પટેલ	અમદાવાદ
દિનેશભાઈ રમણલાલ પટેલ	મહેસાણા
પટેલ અંબાલાલ કાન્તીલાલ	ગાંધીનગર
પટેલ જેઠાભાઈ ચેલદાસ	પાટણ
પટેલ મુકેશભાઈ ભોળીદાસ	અમદાવાદ
પટેલ જયેશભાઈ ચંદુભાઈ	સુરત
હેમંતભાઈ અમૃતલાલ પટેલ	મહેસાણા
હસમુખભાઈ સોમાભાઈ પટેલ	મહેસાણા
મહેન્દ્રકુમાર જોઈતારામ પટેલ	મહેસાણા

મિત્રો,

'ઉમિયા જ્યોત' આપ સૌનું ગમતું સામયિક છે. તેમાં આપ યોગ્ય લેખો મોકલી શકો છો. આપની પરિવારનો કોઈ સભ્ય કોઈ ઉચ્ચ શિક્ષણ સિદ્ધિ પ્રાપ્ત કરે, ઉચ્ચ નોકરી પ્રાપ્ત કરે કે બઢતી, બદલી થાય તો તેની ૧/૨ કે ૧/૪ પાનામાં વિગતો છપાવી શકો છો.

— તંત્રી

Avdhoot
Dental & Implant Clinic

દાંતની તમામ પ્રકારની સ્પેશ્યાલીસ્ટ દ્વારા સચોટ સારવાર માટે અદ્યતન ટેક્નોલોજીથી સુસજ્જ ડેન્ટલ ક્લિનીક



Dr. Jayanti R. Patel
M.D.S.
(Prosthodontics & Crown and Bridge)
Dean (Narsinhbhai Patel Dental College & Hospital, Visnagar)
President (Indian Prosthodontic Society)
M. 9824045092



Dr. Rushit J. Patel
M.D.S.
(Oral & Maxillofacial Surgery & Implantology)
Professor (Narsinhbhai Patel Dental College & Hospital, Visnagar)
M. 9824115092



Reception Area



Consulting Room



Speciality Treatment Area



Treatment Area

સ્પેશિયાલીસ્ટ દ્વારા ઉપલબ્ધ સુવિધાઓ




In House OPG & RVG
ડિજીટલ તથા આખા મોઢાના એક્સ-રેની સુવિધા



Intra Oral Scanner
દાંતનું માપ લેવાની કમ્પ્યુટરાઈઝ્ડ પદ્ધતિ



Dental Implant Supported Fixed Prosthesis & Over - Denture
સ્ક્રૂની મદદથી ફિક્સ દાંત તથા ચોકઠું બેસાડવાની સુવિધા.



Teeth in 72 Hrs. (Basal Implant.)
૭૨ કલાકમાં દાંત બેસાડવાની સુવિધા



Complete Denture
કાઢવા પહેરવાનું ચોકઠું



Crown & Bridge. (FPD)
દાંત પર કવર/કેપ તથા પડી ગયેલા દાંતની જગ્યાએ નવા દાંત બેસાડવાની સુવિધા



Root Canal Treatment
આધુનિક પદ્ધતિથી મૂળિયાની સારવાર



Orthodontic Treatment
વાંકાચૂકા દાંતની સારવાર



Extraction
દાંત/દાઢ પાડવાની તથા ડહાપણની દાઢની સારવાર



Flap Surgery
પેઢાની સર્જરી દ્વારા પાયોરિયાનો સચોટ ઈલાજ




Pedodontist
નાના બાળકોના દાંતની તમામ સારવાર



Laser Dentistry

ક્લિનીક - ૧
મારૂતિ કોમ્પલેક્ષ, બળીયા-લીમડી રોડ,
સિવિલ હોસ્પિટલ સામે,
અસારવા, અમદાવાદ-૧૬. મો. 9429524365
Time : 9.00 am to 1.00 pm | 5.00 pm to 9.00 pm

ક્લિનીક - ૨
૨૦૭, બીજો માળ, એમ્પાયર ડૉક્ટર હાઉસ,
અમીરાજ ફાર્મની બાજુમાં, કારગીલ પેટ્રોલ પંપની સામે,
એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ. મો.9638971362
Time : 10.00 am to 1.00 pm | 4.00 pm to 9.00 pm


Manidhar
Sky
શ્રી કિરીટ ડાહ્યાભાઈ પટેલ (દેવગઢ)
Manidhar Village, Nr. S.T Workshop, Opp. Bahucharaji Temple, Becharaji - 384 210
CALL US: +91 97244 09962 | +91 73839 92422

JP HOSPITAL

ROBOTIC JOINT REPLACEMENT CENTRE

ROBOTIC PRECISION | HUMAN EXPERTISE

6500 થી વધુ સર્જરીનો અનુભવ

જેપી હોસ્પિટલ બન્યું રોબોટિક સેન્ટર

અદ્યતન CORI રોબોટ દ્વારા ઘૂંટણ, થાપા તથા ઘૂંટણના આંશિક રિપ્લેસમેન્ટની સર્જરી રોબોટિક પદ્ધતિ દ્વારા થાય છે.



એપોઇન્ટમેન્ટ નંબર :

+91 63526 94101 / 100

ડો. જય પટેલ (ઊંઝાવાળા)

Robotic Joint Replacement Surgeon

501-508, Grace Business Park, Sagar Sangit Cross Roads,
Nr. Shaleen Hospital, Sola, Ahmedabad-380060

સૌજન્ય : માર્ટિન ગ્રેશર

UMIYA JYOT
Registered under RNI No. GUJGUJ/2012/49800
Published on 15th Date of every month



નવી દિશા... નવા વિચાર...

આત્મનિર્ભર તેમજ વિકસિત ભારત - ૨૦૪૭ ના સંકલ્પને સાકાર કરવા...

હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી

- સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત,
- મેદસ્વિતા મુક્ત ભારત
- એક પેડ માં કે નામ



સહકારથી સમગ્ર સમાજની સેવા

- નાગરિકો માટે જૂથ અકસ્માત વીમા યોજના અમલમાં
- ટપક સિંચાઈ યોજનામાં આર્થિક યોગદાન...
- વાયર ફેન્સિંગ યોજનામાં આર્થિક સહાય...
- ખેતીકામમાં ઉપયોગી તાલપત્રીઓનું રાહતદરે વિતરણ...
- જમીન ચકાસણી લેબ તથા સ્પાઈસિસ લેબની નજીવા દરે ટેસ્ટિંગની સુવિધા...
- એ.સી. ભોજનાલયમાં શુદ્ધ અને સાત્વિક ભોજનની ઉત્તમ વ્યવસ્થા...
- રાહત દરે ફિઝીયોથેરાપી સેન્ટર
- માર્કેટયાર્ડમાં ગરમીની સીઝનમાં ફ્રી છાશનું વિતરણ...
- જાહેર સ્થળોએ ઠંડા મિનરલ પાણીની સુવિધા...
- એમ્બ્યુલન્સની ૨૪ કલાક સુવિધા...
- બ્રાહ્મણવાડા મુકામે 30 એકર જમીનમાં અદ્યતન સુવિધાઓવાળા માર્કેટયાર્ડનું કામ પ્રગતિમાં
- ઊંઝા તાલુકા તથા બજાર વિસ્તારમાં ક્ષય રોગના દર્દીઓને રાશન તથા પ્રોટીન કીટનુ વિતરણ.
- ઊંઝા બજાર વિસ્તારના ખેડુતો માટે મસાલા પાક સહાય યોજના

જય સહકાર... જય કિસાન...

APMC UNJHA Since 1954 AGRICULTURAL PRODUCE MARKET COMMITTEE

દિનેશભાઈ પટેલ
ચેરમેન

ભર્તિકાબેન પટેલ
ઈન્ચાર્જ સેક્રેટરી

વિષ્ણુભાઈ પટેલ
વા. ચેરમેન



ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઊંઝા

If undelivered please return to below address
'ઉમિયા જ્યોત' કાર્યાલય
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
ઉમિયા કેમ્પસ, ભાગવત વિદ્યાપીઠ પાસે,
એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦
ફોન : ૦૭૯-૨૭૬૬ ૧૨૦૪
E-mail : editorumiyajyot@gmail.com

Published by PATEL MUKESHKUMAR AMRUTLAL on behalf of KADVA PATIDAR KULDEVI SHREE UMIYA MATAJI SANSTHAN UNJHA and printed by HARSHAD GOVINDBHAI PATEL , Digital Web, FP-36/2. Opp. Umiya Campus, S.G. Highway, Gota, Ahmedabad-382481 and Pusblished by from 142/1, Kadva Patidar Kuldevi Shree Umiya Mataji Sansthan Unjha, Umiya Campus, Near. Bhagvat Vidhyapith, S.G. Highway, Sola, Ahmedabad - 380 060. : Editor - : AMRUT PATEL